RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 145 Dt. 18-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# પરમાણુ ઊર્જા બિલ પસાર : વિપક્ષનો વોકઆઉટ

## ઐતિહાસિક બિલને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે : બીલ કાયદો બને તો ૧૯૬૨ના પરમાણુ ઊર્જા કાયદા પછીનો સૌથી મોટો સુધારો સાબિત થશે

નવીદિલ્હી, તા.૧૭

આજે ૧૭મીએ લોકસભામાં પરમાણુ ઊર્જા 'SHANTI' બિલ પસાર થયું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી રાજ્યમંત્રી ડો. જિતેન્દ્ર સિંહે આજે લોકસભામાં સસ્ટેનેબલ હાર્નેસિંગ ઍન્ડ ઍડ્વાન્સમેન્ટ ઑફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા(SHANTI) બિલ, ૨૦૨૫ રજૂ કર્યું હતું. બિલ પાસ થતાં જ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. જોકે, હવે આ ઐતિહાસિક બિલને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. આ અગાઉ કેન્દ્ર સરકારે આ બિલને મંજૂરી આપી હતી.જો આ બિલ કાયદો બનશે તો ખાનગી કંપનીઓ માટે ભારતના પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં પ્રવેશી શકશે. આ બિલ ૧૯૬૨ના પરમાણુ ઊર્જા કાયદા પછીનો સૌથી મોટો સુધારો સાબિત થશે. ૬૩ વર્ષ જૂના રાજ્યના એકાધિકારને તોડીને હવે ખાનગી કંપનીઓને પરમાણુ ઊર્જા ઉત્પાદનમાં ભાગીદારી મળશે. જોકે, સરકારી એજન્સીઓ સુરક્ષા અને સંચાલનનું નિયંત્રણ સંભાળશે, પરંતુ ખાનગી કંપનીઓ મૂડી, જમીન અને ટેક્નોલોજી લાવશે. આ પગલું દેશના આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવા અને ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતા હાંસલ કરવા માટે અનિવાર્ય છે.

આઝાદી પછી ભારતમાં પરમાણુ ક્ષેત્ર એક કિલ્લાની જેમ બંધ હતું. માત્ર પરમાણુ ઊર્જા વિભાગ(DAE) અને સરકારી ન્યુક્લિયર પાવર કોર્પોરેશન(NPCIL) જ તેનું સંચાલન કરતા હતા. ૧૯૬૨ના કાયદામાં સ્પષ્ટ લખ્યું હતું કે ખાનગી કંપનીઓ કે રાજ્ય સરકારો પરમાણુ પ્લાન્ટ ચલાવી શકશે નહીં. પરિણામે, અત્યાર સુધીમાં માત્ર 8 GW ક્ષમતાના આ બિલ જૂના કાયદાઓ-૧૯૬૨નો Atomic Energy Act અને ૨૦૧૦નો Civil Liability for Nuclear Damage Actમાં સંશોધન કરીને ખાનગી પ્રવેશનો માર્ગ ખોલશે. 'કંપની'ની વ્યાખ્યા બદલીને Companies Act, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર્ડ કોઈપણ ફર્મને લાઇસન્સ મળી શકશે. ખાનગી કંપનીઓ જમીન, પાણી, મૂડી અને ટેક્નોલોજીમાં રોકાણ કરશે. તેઓ ઉત્પાદિત વીજળીના માલિક બનશે, એટલે કે વેચીને નફો કમાઈ શકશે. જ્યારે સરકાર એટલે કે NPCIL અથવા DAE જ રિએક્ટરની ડિઝાઇન, નિર્માણ, સંચાલન અને સંવેદનશીલ સામગ્રી (યુરેનિયમ) સંભાળશે. આ બિલ ફેક્ટરીમાં



બનતા સસ્તા, સુરક્ષિત અને ઝડપી સ્મોલ મોડ્યુલર રિએક્ટર(SMR)ના નિર્માણને પ્રોત્સાહન આપશે.

ભારતે ૨૦૪૭ સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન કરવા માગે છે. પરમાણુ ઊર્જા કોલસો કે સૌર ઊર્જા કરતાં વધુ સ્થિર અને સ્વચ્છ સ્રોત માનવામાં આવે છે. હાલની 8 GWથી 100 GW સુધી (૧૨ ગણો વધારો) પહોંચવાના લક્ષ્ય માટે ₹૧૫-૧૯ લાખ કરોડ(૨૧૪ અબજ ડોલર)ની જંગી મૂડીની જરૂર પડશે, જે એકલા સરકારી સંગઠન NPCIL માટે સંભાળવી અશક્ય છે. સૌર અને પવન ઊર્જામાં PPP(પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ) મોડેલની સફળતાને ધ્યાનમાં રાખીને, પરમાણુ ક્ષેત્રમાં પણ આ જ મોડેલ અપનાવવામાં આવશે. ખાનગી ક્ષેત્રના પ્રવેશથી પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં નવીનતા વધશે તેમાં કોઈ શંકા નથી, પરંતુ સાથે જ કેટલાક મહત્ત્વના પડકારો પણ છે. સૌથી મોટો પડકાર જવાબદારી(લાયબિલિટી) કાયદાનો છે. હાલમાં, ૨૦૧૦નો 'સિવિલ લાયબિલિટી ફોર ન્યુક્લિયર ડેમેજ ઍક્ટ(CLND Act)' ઉપકરણોના સપ્લાયરો પર ભારે જવાબદારી નાખે છે. SHANTI બિલમાં થનારા સુધારાથી આ જોગવાઈ હળવી થઈ શકે છે, જે અમેરિકન GE-Hitachi SMRs જેવી વિદેશી ટેક્નોલોજીને ભારતમાં આકર્ષવા માટે જરૂરી છે.

આ ઉપરાંત, હાઈબ્રિડ મોડેલ(ખાનગી અને સરકારી ભાગીદારી)માં નિયમન અને સલામતી જાળવવી પડકારરૂપ રહેશે, જોકે સલામતી IAEA(આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી)ના ધોરણો પર આધારિત હશે. વિવાદોના ઝડપી નિરાકરણ માટે એક નવું ન્યુક્લિયર ટ્રિબ્યુનલ મંજૂર કરવામાં આવ્યું છે. જોકે, ઉદ્યોગ જગતનું સ્પષ્ટ માનવું છે કે જો લાયબિલિટીના નિયમો પૂરતા સ્પષ્ટ નહીં થાય તો વૈશ્વિક ખેલાડીઓ ભારતીય બજારમાં રોકાણ કરવામાં ખચકાશે.નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ફેબ્રુઆરીમાં પોતાના બજેટ ભાષણમાં જ આ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખોલવાની યોજનાની જાહેરાત કરી હતી. તેમણે એક 'ન્યુક્લિયર એનર્જી મિશન'ની પણ જાહેરાત કરી હતી, જેના હેઠળ નાના મોડ્યુલર રિએક્ટર(જીખ્છ) પર સંશોધન અને વિકાસ(RD) માટે રૂ. ૨૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. વળી, ૨૦૩૩ સુધીમાં ૫ સ્વદેશી SMRs શરુ કરવાની યોજના છે.

# ઢાકામાં ઈન્ડિયન વિઝા સેન્ટર બંધ

## બાંગ્લાદેશને લઈને ભારત સરકારની મોટી કાર્યવાહી




ઢાકા, તા.૧૭

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં બગડતી જતી સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે મોટો નિર્ણય લીધો છે. ઢાકા સ્થિત ભારતીય વિઝા એપ્લિકેશન સેન્ટર ને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યું છે. જમુના ફ્યુચર પાર્કમાં આવેલું આ સેન્ટર ભારતીય વિઝા સેવાઓનું મુખ્ય કેન્દ્ર છે, પરંતુ સુરક્ષાના કારણોસર આજે બપોરે બે વાગ્યાથી તેની કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે. ઈટઅઈ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, પ્રવર્તમાન સુરક્ષા સ્થિતિને જોતા આ પગલું ભરવામાં આવ્યું છે. બુધવાર માટે જે અરજદારોની એપોઈન્ટમેન્ટ નક્કી કરવામાં આવી હતી, તેને હવે પછીની કોઈ તારીખ માટે ફરીથી શેડ્યૂલ કરવામાં આવશે. આ નિર્ણયને કારણે વિઝાની રાહ જોઈ રહેલા હજારો બાંગ્લાદેશી નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

બાંગ્લાદેશમાં ભારતીય મિશનની આસપાસ કેટલાક ઉગ્રવાદી તત્વોની ગતિવિધિઓ વધતા ભારત સરકારે આકરું વલણ અપનાવ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશના રાજદૂત રિયાઝ હમીદુલ્લાહને તેડું મોકલીને આ બાબતે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય રાજદ્વારી જવાબદારીઓ મુજબ બાંગ્લાદેશની વચગાળાની સરકારે ભારતીય મિશનો અને ત્યાં કામ કરતા અધિકારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ.બાંગ્લાદેશ અને ભારતના સંબંધોમાં તણાવ ત્યારે વધુ વધ્યો જ્યારે એક દિવસ પહેલા બાંગ્લાદેશના એક સ્થાનિક નેતાએ ભારતની સુરક્ષા અને અખંડિતતા સામે સવાલ ઉઠાવ્યા હતા. આ નેતાએ ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યો (સેવન સિસ્ટર્સ)ને અલગ-થલગ કરવાની ઉશ્કેરણીજનક ધમકી આપી હતી. આ નિવેદન બાદ ભારતીય રાજદ્વારી મિશનો પર હુમલાનો ખતરો વધી ગયો છે, જેને પગલે સાવચેતીના ભાગરૂપે વિઝા સેન્ટર બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ'ની કામગીરીમાં અભૂતપૂર્વ સફળતા


# રાજ્યમાં ૪૯૪ FIR દાખલ ૩૪૦ આરોપીઓની ધરપકડ

## ઓપરેશન મ્યૂલ હન્ટ અંતર્ગત નાણાં ફ્રીઝ કરવાની ક્ષમતામાં ૫૦ ટકાનો વધારો

રાજકોટ, તા. ૧૭

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ કેબિનેટ બેઠકમાં સાયબર સુરક્ષા અંગે રાજ્ય સરકારની સતર્કતા અને સફળતા અંગે થયેલી ચર્ચાની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત પોલીસ દ્વારા સાયબર ફ્રોડમાં જતા નાણાંને ફ્રીઝ કરવાની કામગીરીમાં ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે.

સાયબર ક્રાઇમમાં નાણાકીય છેતરપિંડીનો ભોગ બનતા નાગરિકો માટે ૧૯૩૦ હેલ્પલાઇન આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જ્યારે કોઈ નાગરિક સાયબર ફ્રોડનો ભોગ બને છે, ત્યારે તેની ફરિયાદ મળતા જ સાયબર પોલીસ દ્વારા ત્વરિત




કાર્યવાહી કરવામાં આવે છે. આ હેલ્પલાઇન દ્વારા સાયબર ગુનેગારના ખાતામાં પહોંચતા નાણાંને અધવચ્ચે જ અટકાવી ફ્રીઝ કરી દેવામાં આવે છે.

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, આ કામગીરી માટે રાજ્યનું 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' દિવસ-રાત કાર્યરત છે. છેલ્લા ત્રણ મહિનામાં સાયબર સેલની કામગીરીમાં અભૂતપૂર્વ સફળતા મળી છે. અગાઉની સરખામણીએ ફ્રોડ થયેલા નાણાં ફ્રીઝ કરવાની ક્ષમતામાં ૫૦ ટકા જેટલો વધારો નોંધાયો છે, જે રાજ્યની સુરક્ષા એજન્સીઓની કાર્યક્ષમતા દર્શાવે છે. એટલું જ નહીં, ઓપરેશન મ્યૂલ હન્ટ અંતર્ગત એક અઠવાડિયામાં રાજ્યમાં ૪૯૪ ત્ર્ઙ્ઘછ દાખલ કરીને ૩૪૦ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ દ્વારા કરવામાં આવી રહેલી આ મહત્વપૂર્ણ કામગીરીને કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત સમગ્ર મંત્રી મંડળે બિરદાવી હતી. મંત્રીએ નાગરિકોને અપીલ કરતા કહ્યું કે, જો તમારી સાથે કોઈપણ પ્રકારનો સાયબર ક્રાઈમ કે નાણાકીય છેતરપિંડી થાય, તો સમય વેડફ્યા વગર તુરંત ૧૯૩૦ નંબર પર કોલ કરો. સમયસર મળેલી જાણકારી તમારા મહેનતના નાણાં બચાવી શકે છે.

### સિટી ઈન્વેસ્ટમેન્ટ્સ ટુ ઈનોવેટ – ઈન્ટીગ્રેટ અને સસ્ટેઈન કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં

# મ્યુ.કોર્પો-ન.પાલિકાને સરકારે ફાળવી ૨૮૦૦ કરોડની ગ્રાન્ટ

## રાજકોટ મનપાને ફાળવ્યા ૧૯૫ કરોડ : અનેક વિકાસ કામો સરકારમાં સુચવતું તંત્ર

રાજકોટ, તા. ૧૭

સ્માર્ટ સિટીઝ અન્વયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સિટી ઈન્વેસ્ટમેન્ટ્સ ટુ ઈનોવેટ, ઈન્ટીગ્રેટ અને સસ્ટેઈન કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં છે.આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા આપણા નગરો-મહાનગરોએ ગ્રીન સ્પેસ, ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા સર્વેક્ષણમાં લીડ લીધી છે. એટલું જ નહિ, સર્ક્યુલર ઇકોનોમીને વેગ આપવા ચાર 'ઇ' રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ અને રિકવર પર ફોકસ કર્યું છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં જ્યારે અર્બનાઈઝેશનને પડકાર ગણવામાં આવતો હતો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરાવી હતી. આપણી વિરાસતને અનુરૂપ અર્બન ડેવલોપમેન્ટ મોડલ વિકસાવવા માટેની મૂળભૂત માળખાકીય સુવિધા નિર્માણનો મજબૂત પાયો તેમણે નાખ્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, જો વિઝનરી લિડરશીપ હોય અને વિકાસ માટેના કમિટમેન્ટ સાથે નાણાંની કોઈ કમી ના હોય તો કેટલી સ્પીડથી અર્બન ડેવલપમેન્ટ કરી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આ શહેરી વિકાસ વર્ષથી પૂરું પાડ્યું છે.

શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની બે દાયકાની એ સફળતાને પગલે મોર્ડન અર્બન ટ્રાન્સફોર્મેશનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ ટ્રાન્સફોર્મેશનને વધુ ગતિ આપવા રાજ્ય સરકારે સર્વ સ્પર્શી, સર્વ પોષક અને સર્વ સમાવેશી નગરોના વિકાસની નેમ પાર પાડવા ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે એમ તેમણે કહ્યું હતું. મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ના ઉપલક્ષ્યમાં અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને એક સાથે એક જ મંચ પરથી





કુલ ૨૮૦૦ કરોડ રૂપિયાની રકમના ચેકો વિવિધ સર્વાંગી વિકાસ કામો માટે અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ અને રાજયમંત્રી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં આ ચેક અર્પણ અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને કુલ ૨૧૩૨ કરોડ રૂપિયા તથા નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪૦ કરોડ મુજબ કુલ ૩૬૦ કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપી હતી. આ ઉપરાંત રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓને કુલ ૩૦૮ કરોડ રૂપિયા મળીને સમગ્રતયા ૨૮૦૦ કરોડ રૂપિયા વિકાસ કાર્યો માટે આપ્યા હતા.

મુખ્યમંત્રીએ ૨૦૪૭ના વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો રોડમેપ અર્નિંગ વેલ અને લિવિંગ વેલના સંકલ્પ સાથે તૈયાર કરવામાં આવ્યો છે તેમ જણાવતા કહ્યું કે, ૨૦૪૭ના વિકસિત ભારત પહેલાં ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ ઉજવાય ત્યાં સુધીમાં આપણા શહેરોને દેશમાં ઉતકૃષ્ઠ સુવિધાયુક્ત શહેરો બનાવવાની તક છે.તેમણે સિટિઝન સેન્ટ્રીક ઈ-સર્વીસીસ અને મોબાઈલ ગવર્નન્સનો વ્યાપ વધારીને બધા જ શહેરોમાં ટેક્ષ કલેક્શન, વીજ બિલ સહિતના બિલોના પેમેન્ટ માટે યુ.પી.આઈ.ના ઉપયોગને વેગ મળે તે જોવાનો પણ અનુરોધ મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓને કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગનું બજેટ ૨૨,૦૦૦ કરોડથી વધારીને ૩૦,૦૦૦ કરોડ કર્યું છે. શહેરોમાં રોડ રસ્તા, સેનિટેશન, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર સહિતના શહેરી વિકાસના પ્રકલ્પોના નિર્માણ માટે શહેરી વિકાસ વિભાગ સતત કામગીરી કરી રહ્યો છે તેમ જણાવી, તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાના હોદ્દેદારોને તેમણે દરેક વિકાસકામ સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો.

# કાલે મુસદ્દા SIR થશે પ્રસિધ્ધ

## રાજ્યમાં મુસદ્દા મતદારયાદી તૈયાર કરવાની કામગીરી પૂર્ણતાના આરે




રાજકોટ, તા. ૧૭

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ભારતના ચૂંટણીપંચની સુચના અનુસાર ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (ખાસ સઘન સુધારણા) ઝુંબેશના ગણતરીના તબક્કાની સમયમર્યાદા વધારી તા.૧૪ ડિસેમ્બર કરવામાં આવી હતી. જેથી ફોર્મ પરત આવવા માટે ત્રણ દિવસનો વધારાનો સમય મળ્યો હતો. ત્યારે રાજ્યભરમાં ગણતરીના તબક્કાની ૧૦૦ % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.હવે કાલે મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવનાર છે તેથી માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે.

રાજ્યમાં ૫.૦૮ કરોડ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.જે પૈકી ૪.૩૪ કરોડ મતદારોએ ગણતરી ફોર્મ પરત કર્યા છે.આ તમામ ફોર્મનું સંપૂર્ણ ડિઝીટાઇઝેશન કરવામાં આવ્યું છે. ૪૪.૪૫ લાખ જેટલા મતદારોનું મેપીંગ થયું નથી.ગણતરીના તબક્કામાં રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી છે. જેથી સરવાળે રાજ્યની કુલ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. બૂથ લેવલ ઓફિસર અને માન્ય રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરાયું હતું. આ બેઠકોના નિષ્કર્ષ સાથે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે મતદારોના નામની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર તથા મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની પર પ્રકાશિત કરવામાં આવી હતી. જિલ્લાવાર મુકવામાં આવેલી વિગતોમાંથી મતદારો પોતે પણ ચકાસણી કરી શકે તેવી સરળ વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ હતી.

ગણતરીના તબક્કાના છેલ્લા ચરણ સુધીમાં ધ્યાને આવ્યું કે ૧૮,૦૭,૨૭૭ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે ૯,૬૯,૮૧૩ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૪૦,૨૬,૦૧૦ વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે ૩,૮૧,૫૩૪ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાને આવ્યું છે. આમ, આ મતદારયાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું શ્રેષ્ઠ પ્રદર્શન જોવા મળી રહ્યું છે. ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR ઝુંબેશના ગણતરીના તબક્કાની ખુબ અસરકારક કામગીરી જોવા મળી છે.

### મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા બાદ

તા.૧૯-૧૨-૨૦૨૫ થી તા.૧૮-૦૧-૨૦૨૬ સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે. જે ભારતના નાગરિક છે અને જીંછ પછી કોઇ કારણસર ડ્રાફ્ટ રોલમાં નામ નથી સામેલ થયું તો તેવા નાગરિકો આધાર પુરાવા સાથે ફોર્મ નં.૬ ભરીને મતદાર યાદીમાં નામ દાખલ કરાવી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે મતદાર યાદીમાં બે જગ્યાએ નામ રાખવું તે ગુનો બને છે.



# વન વિભાગની પેન્ડીંગ દરખાસ્તો અંગે ત્વરિત કાર્યવાહી કરવા આદેશ

## વન-પર્યાવરણ મંત્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં યોજાયેલી રાજકોટ અને મોરબીની સમીક્ષા બેઠક

રાજકોટ, તા. ૧૭

વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં રાજકોટ તથા મોરબી જિલ્લાની વન વિભાગની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઇ હતી. મંત્રી પ્રવીણભાઈએ ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા જણાવ્યું હતું કે ધાર્મિક સ્થળોના ૫૦૦ મીટરના વિસ્તારમાં વાંસનો વાવેતર કરવાની રાજ્યસરકારની યોજના છે, તથા રોડ રી-સરફેસની કાર્યવાહી માટે ફોરેસ્ટ વિભાગની મંજૂરીની જરૂર નથી.

સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી આ બેઠકમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા દર્શિતાબેન શાહે સામાજીક વનીકરણના હેતુસર રાજ્ય સરકાર પાસે માંગણી કરેલ જમીનોની ફાળવણી અંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ સમક્ષ રજૂઆત કરી હતી. જે અંગે ત્વરિત કાર્યવાહી કરવા મંત્રીએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ હેઠળ સામાજિક વનીકરણ માટે આવેલ જમીન માટેની ૩૦ દરખાસ્ત અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. વર્કિંગ પરમિશન, પેન્ડેન્સી, સૈદ્ધાંતિક મંજૂરી, કાગવડ ખાતેના શક્તિ વનની જાળવણી, પીપળીયા ભરૂડીના ગ્રામ્ય માર્ગના વાઇડનીંગ,



માધાપર ચોકડી પાસેના બસ સ્ટેન્ડ, એઈમ્સ ખાતેની સરકારી જમીન વગેરે કાર્યવાહી અંગે આ બેઠકમાં બરાબર કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં કલેકટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, સી.એફ.સેન્થિલકુમાર, ડી.સી.એફ. યુવરાજસિંહ ઝાલા અને સુનિલ બેરવાલ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી કેતન ખપેડ, કાર્યપાલક ઈજનેર એસ. આર. પટેલ, એ.સી.એફ.કોટડીયા, ઉપરાંત જેટકો, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, પાણી પુરવઠા, gsrtc, જી.આઇ.ડી.સી. વગેરે વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાના ૨.૪૧ લાખ અસરગ્રસ્ત ખેડૂતોની અરજી

## અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૬૬૫ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર, અન્ય અરજીઓની ચકાસણી પ્રક્રિયા સતત શરૂ



રાજકોટ, તા. ૧૭

કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત ખેડૂતોને ટેકો પૂરો પાડવા રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ અન્વયે પાક નુકસાની સહાયનો લાભ મેળવવા માટે રાજકોટ જિલ્લામાં કુલ ૨,૪૧,૪૬૬ ખેડૂતોએ અરજી કરી છે. જે પૈકી તા.૧૭ ડિસેમ્બર એટલે કે, આજદિન સુધીમાં ૨,૩૯,૨૧૫ અરજીઓની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

રાજકોટ જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૬૬૫ કરોડથી વધુની રકમ ડી.બી.ટી મારફતે સીધી અરજદાર ખેડૂતના આધારલિંક બેક ખાતામાં જમા કરવામાં આવી છે. જ્યારે અન્ય ખેડૂતોની અરજી ચકાસણી પ્રક્રિયા સતત શરૂ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે રાજકોટ જિલ્લામાં તમામ ગ્રામ પંચાયતમાં જોગવાઈ મુજબ વી.સી.ઈ. મારફતે નુકસાનગ્રસ્ત ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી તા.૧૪/૧૧/૨૦૨૫થી શરૂ થઇ હતી.

આ રાહત પેકેજ અન્વયે જિલ્લાના તમામ અસરગ્રસ્ત ૬૫૨ ગામ આવરી લેવામાં આવ્યા છે. અરજદાર તરફથી રજૂ થયેલા સાધનિક પુરાવા અને વિગતોની ચકાસણીની કામગીરી ગ્રામસેવક અને તાલુકાનાં કર્મયોગીઓ દ્વારા કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં હાલના તબક્કે ૯૯ ટકાથી વધુ અરજીઓની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. હાલ અન્ય અરજીઓની ચકાસણીની કામગીરી દિવસ રાત સતત શરૂ છે. જેમ જેમ અરજી ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થશે તેમ ત્વરાએ પાક નુકસાની સહાય પેકેજની રકમ ખેડૂતોના બેંક ખાતામાં ડી.બી.ટી મારફતે સીધી જ જમા કરવામાં આવશે. તેમ રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે. વિશેષમાં જે ખેડૂતમિત્રોને આધાર સીડીંગ કરાવવાનું બાકી હોય તેઓને પોતાના બેંક ખાતાને આધાર કાર્ડ સાથે લીંક કરાવી આધાર સીડીંગ અને ડીબીટી એનેબલ કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જેથી સહાયના નાણાં સરળતાથી ખેડૂતના ખાતામાં જમા થઈ શકે.

# વાઈબ્રન્ટ રીજનલ કોન્ફરન્સમાં ખીજડિયા પક્ષી અભયારણ્ય

## ૫૨,૪૦૦ મુલાકાતીઓ સાથે ખીજડિયાએ મજબૂત કરી ગુજરાતની ઈકો-ટુરિઝમ ઓળખ

રાજકોટ, તા. ૧૭

ખીજડિયા પક્ષી અભયારણ્ય એ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૫૨,૪૦૦થી વધુ પ્રવાસીઓને આકર્ષીને ગુજરાતના ઇકો-ટુરિઝમ ક્ષેત્રમાં પોતાની વિશિષ્ટ ઓળખ વધુ મજબૂત કરી છે. રાજ્યમાં વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) માટે તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ અભયારણ્ય ગુજરાતની પર્યાવરણીય શ્રેષ્ઠતા અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ બની રહ્યું છે.

VGRC ૨૦૨૬ પહેલાં, જામનગર નજીક આવેલું ખીજડિયા રામસર સ્થળ ગુજરાતના મહત્વપૂર્ણ કુદરતી સીમાચિહ્ન તરીકે ઊભરી આવ્યું છે. કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો આજે રાજ્યના અગ્રણી પ્રવાસન કેન્દ્રો તરીકે વિકસી રહ્યા છે, જ્યાં કુદરતી લેન્ડસ્કેપ, વન્યજીવન, દરિયાકાંઠાની સુંદરતા, આધ્યાત્મિક સ્થળો અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું અનોખું સંયોજન જોવા મળે છે. સફેદ રણથી લઈને સૌરાષ્ટ્રના તીર્થધામો, દરિયાકિનારા અને અભયારણ્યો સુધીનો પ્રવાસ અનુભવ પ્રવાસીઓને વૈવિધ્યસભર અને યાદગાર અનુભવો આપે છે.

૬૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું ખીજડિયા પક્ષી અભયારણ્ય મીઠા અને ખારા



પાણીના દુર્લભ સંગમ માટે વિશેષ ઓળખ ધરાવે છે. આ અનોખું ઈકોલોજીકલ બંધારણ પક્ષીઓ માટે વૈવિધ્યસભર નિવાસસ્થાન પૂરું પાડે છે. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના આંકડા મુજબ, વર્ષ ૨૦૨૩૨૪ દરમિયાન અહીં ૩૧૭ પક્ષી પ્રજાતિઓ નોંધાઈ હતી, જે ૨૦૨૪૨૫માં વધીને ૩૩૨ થઈ છે, જે અભયારણ્યની સતત વિકસતી જૈવવિવિધતાની સાબિતી આપે છે.

આ પર્યાવરણીય સમૃદ્ધિને વૈશ્વિક માન્યતા મળી છે અને વર્ષ ૨૦૨૨માં ખીજડિયાને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી જળભૂમિ તરીકે રામસર સ્થળનો દરજ્જો પ્રાપ્ત થયો હતો. રાજ્ય સરકાર દ્વારા મુલાકાતીઓ માટે આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે, જેમાં વોચ ટાવર, વન-કુટીરો, પક્ષી નિરીક્ષણ પ્લેટફોર્મ, અર્થઘટન કેન્દ્ર, સેલ્ફી પોઇન્ટ અને માહિતીસભર સાઇનબોર્ડનો સમાવેશ થાય છે.

અભયારણ્યની મુખ્ય તાકાત તેની નિવાસસ્થાનની વૈવિધ્યતામાં છે, જ્યાં મીઠા પાણીનો પ્રવાહ દરિયાકાંઠાની ભરતી સાથે મળીને પાળા અને ખાડાઓ સર્જે છે. આ કુદરતી વ્યવસ્થા વન્યજીવન માટે અનુકૂળ સૂક્ષ્મ નિવાસસ્થાનો બનાવે છે અને આ સુવિધાઓ ખીજડિયાને ભારતના સૌથી જીવંત પક્ષી સ્થળોમાંનું એક બનાવે છે. સાથે સાથે, આ ગુજરાતની ભીની જમીન સંરક્ષણ માટેના વૈજ્ઞાનિક અને આયોજનબદ્ધ અભિગમને પણ મજબૂત બનાવે છે.

રાજકોટમાં ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC)ની પૂર્વ તૈયારીના સમયમાં, ખીજડિયા પક્ષી અભયારણ્ય ગુજરાતના સંકલિત વિકાસ મોડેલનું કુદરતી ઉદાહરણ બની રહ્યું છે, જ્યાં પર્યાવરણીય સંરક્ષણ અને આર્થિક વિકાસ એકસાથે આગળ વધે છે. પ્રદેશની સમૃદ્ધ જૈવવિવિધતા કૃષિ, પ્રવાસન, આબોહવા સ્થિતિસ્થાપકતા અને ટકાઉ માળખાકીય વિકાસ જેવી રાજ્યની મુખ્ય પહેલોને પૂરક છે, જે VGRC દરમિયાન મુખ્ય કેન્દ્રબિંદુ રહેશે. ખીજડિયા પક્ષી અભયારણ્યની સફળતાની આ ગાથા ગુજરાતના સમૃદ્ધિ સાથે ટકાઉપણુંના વિઝન સાથે ગાઢ રીતે જોડાયેલી છે અને આવનારા પ્રાદેશિક જોડાણ મંચ માટે એક મજબૂત આધારસ્તંભ રૂપે ઉભરી આવે છે.

# ક્વિન્ટલના ૮૦૦૦ ટેકાના ભાવે તુવેર ખરીદાશે

## તુવેરના વેચાણ માટે ખેડૂતો તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ સુધી ઓનલાઇન નોંધણી કરાવી શકશે

રાજકોટ, તા. ૧૭

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. તેમના માર્ગદર્શન હેઠળ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે આગામી સમયમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રવક્તા મંત્રીએ વધુ વિગતો આપતા



જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતો નિશ્ચિંત થઈને પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર શરૂ થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે તુવેર માટે ભારત સરકારે રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે.

બજાર ભાવ કરતા ટેકાનો ભાવ વધુ જાહેર થતા રાજ્યના ખેડૂતોએ તુવેરનું પુષ્કળ વાવેતર કર્યું છે. રાજ્યમાં તુવેરના કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ભારત સરકાર દ્વારા ઉત્પાદનના ૧૦૦ ટકા જથ્થા મુજબ ખરીદી કરવાનું આયોજન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવે તુવેર પાકનું વેચાણ કરવા અનુરોધ કરતા મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતું કે, તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજ્યના તમામ જિલ્લાના ખેડૂતો આગામી તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે આધાર ઓથેન્ટીકેશન અથવા ફેસ ઓથેન્ટીકેશન દ્વારા ટઈઊ મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરી શકશે.

### સાંઢવાયાની ગૌશાળામાં દાતાએ અગાઉ ખોળના સેમ્પલ મોકલી ટેસ્ટ કરાવેલ કે ગાયો મગફળીનો ખોળ ખાય છે કે નહિ

# ફૂગવાળો ખોળ ભરપેટ ખવળાવતા ૭૫ ગાયોનો ભોગ લેવાયો

## પ્રતિ ગાય ૨૦૦ થી ૫૦૦ ગ્રામ ખોળ ખવળાવજો તેવી દાતાની સ્પષ્ટ સુચના છતા ખોળની ગમાણો ભરી દેવાય અને બની ઘટના

રાજકોટ તા. ૧૭

હાલ બે દિવસ પૂર્વે કોટડાસાંગાણીના સાંઢવાયા ગામે જે ગૌશાળામાં ૭૫ ગાયોના મોત નીપજ્યા તેનાથી અરેરાટી વ્યાપી ગઈ હોવાનું જણાઈ રહ્યું છે એટલું જ નહીં આ બાબતની જાણ થતા ની સાથે જ રાજ્ય સરકાર દ્વારા તાકીદે અધિકારીઓના કાફલાને ઘટના સ્થળે પહોંચી યોગ્ય સ્થિતિનું નિદર્શન કરવા અને અવલોકન કરવા જણાવ્યું હતું જે બાદ પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યું કે ખોળ ખાવાથી ફૂડ પોઈઝનિંગ થયું અને ગાયોના મોત નીપજ્યા. ત્યારે હાલ એનડીડીબીના લેબ રિપોર્ટમાં એ વાતનો ખુલાસો થયો છે કે ગૌમાતા એ જે ખોળ ખાધો હતો તેમાં ફૂગ થઈ ગઈ હતી અને તે ટોક્સિન ગૌમાતાના પેટમાં જતા જ તેમના મૃત્યુ નીપજ્યા હતા હાલ રાજકોટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અને પુના લેબના રિપોર્ટ હજુ બાકી છે પરંતુ એનડીડીબીના પ્રાથમિક રિપોર્ટમાં આ બાબતની સ્પષ્ટતા થઈ છે. પશુપાલન વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે, સાંઢવાયા ગામે સીંગખોળ આરોગ્યા બાદ ૭૫ ગાયોના મોત થયા હતા અને તેનું કારણ જાણવા માટે પશુચારાના ત્રણ સેમ્પલ જુદી જુદી લેબમાં મોકલવામાં આવ્યા હતા.

તેમાંથી આણંદ એનડીડીબીનો રીપોર્ટ આવ્યો છે જેમાં એવું તારણ નીકળ્યું છે કે મગફળીના ખોળમાં ફુગને કારણે ટોકસીન સર્જાયું હતું અને તેના કારણે ઝેરી અસર થતા ગાયોના મોત નિપજયા હતા. જોકે અન્ય બે લેબના રીપોર્ટમાં શું તારણ નીકળે છે તે જોવાનું રહેશે અને તેના આધારે કાર્યવાહી નકકી થઇ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે એકસાથે ૭૫ ગાયોના મોતથી તંત્ર પણ ચોંકી ઉઠયું હતું. કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી પણ દોડી ગયા હતા. ઉપરાંત રાજય સરકારમાં પડઘા પડયા હતા અને પશુપાલન



વિભાગની ઉચ્ચ અધિકારીઓની ટીમોને ઉતારવામાં આવી હતી.હાલ તંત્ર આ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને બેઠું છે કે લેબનો રિપોર્ટ શું આવે છે ત્યારબાદ જ નક્કી થશે કે સત્ય હકીકત ગૌ માતાના મોત પાછળ શું છે. પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ ખોળમાં ફૂગ હોવાનું કારણ સામે આવ્યું છે.

રાજકોટના કોટડાસાંગાણી તાલુકાના સાંઢવાયામાં ફુડ પોઈઝનીંગથી ૭૦ થી વધુ ગયોના મોત થઈ જતાં ખળભળાટ મચી ગયો છે. ગૌશાળા માં ૪૦૦ થી વધુ ગાયની સેવાઓ કરવામાં આવે છે. ત્યારે મોટી સંખ્યામાં ગાયોના મોતને લઈ અનેક આક્ષેપો થઈ રહ્યા છે. ગાયોને આપવામાં આવેલા ખોળથી મોત થયાના પણ આરોપ લાગ્યા છે. ગાયોના મોત બાદ સ્થાનિક તંત્ર પણ દોડતું થયું હતું. સાંઢવાયા ગામની ગૌશાળામાં ૭૦થી વધુ ગાયોના મોત ગઈકાલે શુક્રવારે થયા હતા. પ્રાથમિક તારણ ફુડ પોઈઝનીંગ છે. આ બનાવની જાણ થતાં જ ગૌશાળામાં ચકચાર મચી ગઈ હતી. વર્ષોથી ગૌસેવા સાથે સંકળાયેલ ટ્રસ્ટ માટે શુક્રવારનો દિવસ ગોઝારો સાબિત થયો હતો. ઘટનાની જાણ થતાં જ રાજકોટ અને ગોંડલમાંથી પશું ડોક્ટોરોએ દોડી આવી તપાસ કરી હતી. જ્યારે બીજી અન્ય ગાયોની પણ તપાસ કરી હતી. બીજી તરફ મૃત્યઆંક વધવાની આશંકા વ્યક્ત કરવામાં હતી. ગાયના મૃત્ય પાછળ હજું સુધી સાચુ કારણ બહાર આવ્યું નથી. પી.એમ.કરવા સહિતની પક્રીયાઓ શરૂ કરી હતી. બીજી તરફ ગૌપ્રેમીઓ સમગ્ર મામલે તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ટાળી શકાય. મોટી સંખ્યામાં ગાયોનો મોત થતાં લોકોમાં પણ દુઃખની લાગણી છવાઈ ગઈ છે.

# SNSD શાળાને લાગશે તાળા

## શિક્ષણ અધિકારીએ નોટિસ સાથે એક લાખનો ફટકાર્યો દંડ : મંજૂરી વગર શાળાનું સ્થળાંતર થતા લેવાયા પગલાં




રાજકોટ, તા. ૧૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ભાર વગરના ભણતર ને વધુ ને વધુ પ્રોત્સાહન આપવા માટે મહેનત કરવામાં આવી રહી છે પરંતુ સામે જે શાળા સંચાલકો છે તે ગેરરીતિ આચરવા માંથી બાઝ આવતા નથી. છેલ્લા ઘણા સમયથી રાજકોટ શહેર અને જિલ્લામાં ખાનગી શાળાઓની જે સ્થિતિ જોવા મળી રહી છે તેની સામે શિક્ષણ અધિકારી દ્વારા મક્કમ પગલા લેવામાં આવી રહ્યા છે અને આ તમામ શાળાઓ પર તપાસ હાથ ધરી યોગ્ય ન ગણાય તો તેની માન્યતા રદ કરવા સુધીના પગલાંઓ લેવામાં આવતા હાલ સુવા નિર્ભર શાળા સંચાલક મંડળમાં અને ખાસ આ પ્રકારની શાળાઓ ચલાવતા સંચાલકોમાં વપરાટ જોવા મળ્યો છે. મળતી માહિતી મુજબ હાલ રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી કે જેઓ ઇન્ચાર્જ છે તે દીક્ષિત પટેલે કાલાવડ રોડ પર આવેલી સનફ્લેમ સ્કૂલ બાદ એસએનએસડી સ્કૂલને બંધ કરવા નોટિસ ફટકારી છે અને એક લાખના દંડની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા અગાઉ સ્કૂલને બંધ કરવાની ભલામણ કરી હતી અને ૧,૦૦,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ અંગે તેઓએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા વર્ષોથી એસએનએસડી સ્કૂલ ભાડાના બિલ્ડિંગમાં ચાલી રહી હતી ત્યારે સંસ્થાના સ્થળ ફેરફાર માટે એક પણ પ્રકારની અરજી અથવા તો મંજૂરી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતેથી લેવામાં આવી નથી. એટલું જ નહીં તેઓ જણાવ્યું હતું કે સંચાલકો દ્વારા તેને હરીપર પાળ ખાતે સ્થળાંતરિત કરવામાં આવી હતી જે અંગેની ફરિયાદ મળતાની સાથે જ ખાસ તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવી અને સ્થળ તપાસ થતાં જ ભાંડો ફૂટ્યો હતો. એટલું જ નહીં સંસ્થાના સંચાલકો પાસે સ્થળ ફેરફારની મંજૂરી ન હોવાની જાણ થતા જ તેઓને એક લાખનો દંડ ફટકારવામાં આવ્યો.

જાણકાર વર્તુળો અને તજજ્ઞોના જણાવ્યા અનુસાર શહેરમાં આ પ્રકારની અનેકવિધ શાળાઓ હોવાનું જણાઈ રહ્યું છે ત્યારે યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તે ખૂબ જરૂરી છે. મળતી માહિતી મુજબ અત્યારે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા હાલ એ તમામ શાળાઓ પર તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને જે પણ શાળા અંગે ફરિયાદ આવે છે તેનો તાકીદે નિકાલ કરવા માટે હાલ જે કામગીરી ચાલી રહી છે તે અસાધારણ છે. બીજી તરફ બોર્ડ પરીક્ષા નજીક હોવાથી હાલ તે કામગીરી પણ યથાવત રીતે ચલાવવામાં આવી રહી છે. પરંતુ સામે ગેરરીતી કરતી શાળાઓ અથવા તો જરૂરી દસ્તાવેજો વગર જે પણ શાળાઓ ચાલતી હોય તેના પર અંકુશ લાદવા અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે હાલ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ બાબતે ઇન્ચાર્જ શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે હાલ તેમની ટીમ દ્વારા આ પ્રકારની કોઈ ફરિયાદ મળે તો તેનું તાકીદે નિવારણ લાવવા અને ફ્લાઈંગ વિઝીટ કરવા માટેના આદેશો કરવામાં આવ્યા છે જેથી જે વાત છુપી હોય તે ઉજાગર થઈ શકે અને ખાસ તો વિદ્યાર્થીઓ બી કારકિર્દીને કોઈ પણ પ્રકારે અસર ન પહોંચે તે દિશામાં જ હાલ કામગીરીઓ હાથ ધરવામાં આવી રહી છે.

# સૌ.યુનિ. કેમ્પસમાંથી મળી દારૂની ખાલી બોટલો

## સત્તાધીશો તથા ખાનગી એજન્સીની કામગીરી પર પ્રશ્નાર્થ : અગાઉ પણ યુનિવર્સિટી અનેક વિવાદોમાં સપડાઈ

રાજકોટ, તા. ૧૭

ફરી એક વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ચર્ચાના કેન્દ્રસ્થાનમાં આવી ચૂકી છે અગાઉ પણ અનેકવિધ ગેરરીતિઓના કારણે ઘણા ખરા અન્ય પ્રશ્નો ઊભા થયા હતા અને સંચાલકો સામે આંગળી ચીંધાણી હતી. જે બાદ આજ દિન સુધી તે સ્થિતિમાં કોઈ જ સુધારો આવ્યો નથી ત્યારે ગઈકાલે યુનિવર્સિટી કેમ્પસ વિસ્તારમાં આશરે અનેકવિધ અંગ્રેજી દારૂની ખાલી બોટલો મળી આવી હતી ત્યારે એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે હાલ સિક્યુરિટી સ્ટાફ હોવા છતાં યુનિવર્સિટીમાં કોઈપણ વ્યક્તિ આવી આ પ્રકારની કરતુત કરી જાય છે છતાં પણ કોઈ પગલા તંત્ર દ્વારા લેવામાં આવતા નથી. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આ નિયમનો ઉલાળીયો થતો અવારનવાર જોવા મળે છે ત્યારે શિક્ષણના ધામમાં પણ દારૂની ખાલી બોટલો જોવા મળતા હાલ



સંચાલકો અને કાર્ય પદ્ધતિ સામે અનેકવિધ પ્રશ્નો ઊભા થયા છે.

રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની દીવાલની અડો-અડ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ વિસ્તારમાંથી અંદાજે ૭ જેટલી અંગ્રેજી દારૂની ખાલી બોટલો મળી આવવી એ રાજ્ય સરકારના દારૂબંધીના પોકળ દાવાઓ પર ગંભીર સવાલો ઊભા કરે છે. શિક્ષણના ધામ સમાન યુનિવર્સિટી કેમ્પસમાં દારૂની મહેફિલો ચાલતી હોવાનો ગંભીર સવાલો ચિંતાજનક છે.ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દર વર્ષે અંદાજે એક કરોડ રૂપિયાનું ટેન્ડર ખાનગી સિક્યુરિટી એજન્સીને આપે છે, તેમ છતાં કેમ્પસમાં અસામાજિક તત્વો બેફામ રીતે ફરી રહ્યા છે, જે સિક્યુરિટી વ્યવસ્થાની નિષ્ફળતા સાબિત કરે છે.

આવી ઘટનાઓ પછી પણ કેમ્પસની સુરક્ષા વ્યવસ્થામાં કોઈ સુધારો ન થવો એ અત્યંત દુર્ભાગ્યજનક છે. કેમ્પસમાં દરરોજ હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે અને ગર્લ્સ હોસ્ટેલ પણ આવેલ છે. આવી પરિસ્થિતિમાં દારૂની મહેફિલો ચાલતી હોવાની ઘટનાઓથી વિદ્યાર્થીઓ અને ખાસ કરીને વિદ્યાર્થિનીઓની સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ સમગ્ર મુદ્દે કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે સખત પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે,યુનિવર્સિટી કેમ્પસમાં દારૂની બોટલો મળવી એ માત્ર શરમજનક જ નહીં પરંતુ વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્ન છે. કરોડો રૂપિયા ખર્ચી સિક્યુરિટી એજન્સી રાખવામાં આવી છે તો પછી આવા બનાવો કેવી રીતે બની રહ્યા છે? નિવૃત્ત આર્મીમેનોને અલગથી પગાર પર રાખવામા આવ્યા છે તો કેમ આવા બનાવો સામે આવે છે ? કેમ્પસમા સીસીટીવી મોટાભાગના બંધ હાલતમા છે ત્યારે નવા હાઈ વિજિબિલિટી ધરાવતા સીસીટીવી કેમેરા લગાવવામા જોઈએ જેથી વિદ્યાર્થીઓની અને કેમ્પસની સલામતી જળવાઈ રહે.

વિદ્યાર્થીઓના હિત રક્ષણ માટે એનએસયુઆઈ દ્વારા ખાનગી એજન્સી ઉપર કડક પગલાં લેવા સત્તાધિશોને માંગણી કરી છે. ત્યારે કેટલા અંશે આ માંગણી સ્વીકારવામાં આવશે તે હવે જોવાનું રહ્યું પરંતુ હાલ વિદ્યાર્થીઓ આ બધી પરિસ્થિતિમાંથી કઈ રીતે બહાર આવી શકે અને કડક નિર્ણયો કેવી રીતે આમલી બનાવવામાં આવે તે દિશામાં ખરા અર્થમાં યુનિવર્સિટીએ પગલાં લેવા જોઈએ.

# સરકારી હોસ્પિટલમાં બાયોવેસ્ટના ઢગલાં

## સારવારને બદલે બિમારીઃ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ વિભાગને છતી આંખે દેખાતું નથી!

રાજકોટ , તા . ૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા માટે ૧૧૦૦ કરોડના કોન્ટ્રાક્ટ પછી પણ પરિસ્થિતિ સુધરી નથી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ જાણે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીની મર્યાદા બાંધી લીધી હોય તેમ શહેરમાં જાહેરમાં પડેલા બિલ્ડિંગ વેસ્ટ મટિરિયલ અને બાયો મેડિકલ વેસ્ટ ફેંકનારા સામે કોઈ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની ઝુંબેશ તો સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ સાવ ભુલી જ ગયું છે.પણ, જાહેરમાં ગંદકી ફેલાવતા તત્વો સામે પણ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ગાજરની પિપુડી વાગતી નથી.

સોલિડ વેસ્ટ વિભાગના ઇન્ચાર્જ પર્યાવરણ ઈજનેરને રાજકોટને સ્વચ્છ કરવાનો કોઇ ઈરાદો જ નહોય તેમ મહત્વની કામગીરીઓ થતી નથી. ઠેરઠેર ગંદકી અને કચરાના ઢગલાં કે ન્યુસન્સ પોઈન્ટ દુર થતા નથી. ત્યારે સરકારી પીડીયુ હોસ્પિટલ, ઝનાના હોસ્પિટલ કે પદ્મકુવરબા જેવી સરકારી અને ખાનગી હોસ્પિટલના સંચાલકો દ્વારા આડેધડ અને ખુલ્લામાં બાયો વેસ્ટ ફેંકવામાં આવતો હોવાછતાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ન તો સફાઈ કે ન તો દંડ કરવામાં આવે છે.

આવી જ હાલત પણ પ્લાસ્ટિક ઝુંબેશની છે. અગાઉ પાન પાર્લર, ચાની હોટલ, કિટલી રેસ્ટોરન્ટ દ્વારા કરવામાં આવતી ગંદકી સામે દંડ અને વ્યવસાય સ્થળ સીલ કરવામાં આવતા હતા. હવે પ્લાસ્ટિક જપ્ત થતું નથી. એક બે મહિને દેખાડા ખાતર કામગીરી કરવામા આવે છે. રાજકોટની સરકારી હોસ્પિટલમાં લાંબા સમયથી બાયો મેડિકલ વેસ્ટની થોકબંધ પ્લાસ્ટિક બેગ ઉકરડાની જેમ પડી છે. પણ ન તો સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અધિકારીઓ , સ્ટાફ અને સફાઈની જવાબદારી જેના શિરે છે તે ડેપ્યુટી કમિશનર એચ. આર. પટેલને કે અધિકારીઓને તેની જાણ સુદ્ધાં નથી.!

### સરકાર દ્વારા 'બેટી બચાઓ બેટી પઢાઓ'ના નારા સાથે દિકરીઓને અલગ-અલગ સહાય અને સુવિધાઓ આપવામાં આવી રહી છે ત્યારે

# રાજકોટમાં દિકરીઓની જન્મની સંખ્યામાં ચિંતાજનક ઘટાડો

## દિકરી એટલે તુલસી ક્યારો માનવાને બદલે સાપનો ભારો માનનારા અનેક પરિવારો હજુ પણ દિકરીના જન્મને સ્વિકારી શકતા નથી

રાજકોટ, તા. ૧૭

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા 'બેટી બચાઓ બેટી પઢાઓ'ના નારા સાથે દિકરીઓને જન્મથી લઈને લગ્ન સુધી અલગ અલગ સહાય અને સુવિધાઓ આપવામાં આવી રહી છે. ત્યારે, બીજી તરફ અનેક પરિવારો આજે પણ દિકરીઓને ઘર આંગણાનો તુલસી ક્યારો માનવાને બદલે સાપનો ભારો ગણીને દિકરીઓના જન્મ સમયે નાકનું ટિચકું ચડાવે છે. આ કારણે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના અઢાર વોર્ડમાં જ છેલ્લા પાંચ વર્ષમાં દિકરીઓના જન્મની સંખ્યા ચિંતાજનક રીતે ઉતરોત્તર ઘટી રહી છે.

વર્ષ ૨૦૨૧થી ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં દિકરાના જન્મની સરેરાશ સંખ્યા સામે દિકરીઓના જન્મની સરેરાશ સંખ્યામાં સતત ચિંતાજનક રીતે ઘટાડો નોંધાઇ રહ્યો છે.

એક અંદાજ મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં એક હજાર બાળકોએ સરેરાશ ૮૮૫ કે વધુમાં વધુ ૯૦૦ બાળકીઓના જન્મ નોંધાય છે. સાદી ભાષામાં કહીએ તો એક હજાર બાળકોએ ૧૧૫ બાળકીઓ ઓછી સંખ્યામાં જન્મે છે. આ પરિસ્થિતિ જો આમ ને આમ રહી તો ભવિષ્યમાં બાળકો અને બાળકીઓના જન્મ સમયે સેક્સ રેશિયો એક ઉંડી ખાઇ બની જશે. અને અનેક સામાજિક તેમજ પારિવારિક પ્રશ્નો ઉભા કરશે. રાજકોટ મહાનગરપાલિકાના સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, એક તરફ સરકાર બેટી બચાઓ બેટી પઢાઓના નારા સાથે બર્થ સેક્સ રેશિયો વધારાવા માટે મહેનત કરે છે. ત્યારે આજે પણ અનેક પરિવારોને દિકરીઓ ગમતી નથી ! . એક હજાર બાળકો સામે સરેરાશ ૮૮૫ થી ૮૯૦ બાળકીઓનો બર્થ રેશિયો ચિંતાજનક સ્થિતિ ઉભી કરી શકે તેમ છે.

રાજકોટમાં બર્થ સમયે સેક્સ રેશિયો ઉત્તરોત્તર અને ચિંતાજનક રીતે ઘટી રહ્યો છે. સામાન્ય રીતે બાળકો અને બાળકીઓનો જન્મ સમયે મેડિકલ ભાષામાં સેકસ રેશિયો સમાંતર હોય તો સામાજિક અને પારિવારિક સમસ્યાઓનું પ્રમાણ નહીવત રહેતું હોય છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આ બર્થ સેક્સ રેશિયો સમાંતર રહે અને લોકો દિકરીના જન્મને અપનાવતા અને વધાવતાં થાય તે માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકે છે. પણ, સરકારના 'બેટી બચાઓ બેટી પઢાઓ' જેવી યોજનાઓ દ્વારા બાળકીઓના જન્મદર વધારવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા હોવા છતાં અને સરકારની સતત જાહેરાત અને પ્રયત્નો વચ્ચે પણ પરિસ્થિતિમાં ખાસ કોઈ સુધારો જણાતો નહોય તેમ એક બે વર્ષના નહીં પણ છેલ્લા પાંચ વર્ષના આંકડા પર નજર નાખતાં બાળકોના પ્રમાણમાં બાળકીઓના જન્મની સંખ્યા ઘણી ઓછી નોંધાઈ છે.

બાળકો અને બાળકીઓના જન્મની ટકાવારી જાણવા માટે સામાન્યરીતે વસતી ગણતરીના આંકડા પર આધાર રાખવો પડે છે. આ આંકડાઓમાં શહેર અને જિલ્લાકક્ષાની વસતી આધારે બાળકો અને બાળકીઓના જન્મદર અને મૃત્યુદર આધારે સરેરાશ ટકાવારી કે જન્મદર જાહેર કરવામાં આવતાં હોય છે. પણ, લાંબા સમયથી વસતી ગણતરી થઇ નહોય જિલ્લા અને શહેરી કક્ષાએ ટકાવારી અને જન્મદરમાં વધઘટ મેળવી શકાતી નથી. જો કે આ માટે રાજકોટ મહાનગરપાલિકા કે જિલ્લા પંચાયતે ક્યારેય પ્રયાસ પણ કર્યો નથી એ પણ એક હકિકત છે.

મહાનગરપાલિકાના સુત્રોમાંથી પ્રાપ્ત આકડાકિય વિગતો મુજબ, ૨૦૨૧માં ૧૫,૮૨૪ સામે ૧૪, ૦૧૨ બાળકીઓના જન્મ નોંધાયા હતા. ૨૦૨૨માં ૧૭૬૦૬ બાળકો સામે ૧૫૭૮૮ બાળકીનો જન્મ નોંધાયા હતા. આવી જ રીતે ૨૦૨૩માં ૧૮૮૯૭ બાળકો સામે ૧૬૪૯૦ બાળકીઓ, ૨૦૨૪માં ૧૮૭૪૨ બાળકો સામે ૧૬૨૬૧ બાળકીઓ અને ૨૦૨૫ ઓગસ્ટ અંત સુધીમાં ૧૨૧૫૦ બાળકો સામે ૧૦૯૯૬ બાળકીઓના જન્મ નોંધાયા હતા. આ મુજબ વર્ષ ૨૦૨૧માં ૧૮૧૨, વર્ષ ૨૦૨૨માં ૧૮૨૦, ૨૦૨૩માં ૨૧૦૭, ૨૦૨૪માં ૨૪૮૧ અને ૨૦૨૫માં ૧૧૫૪ બાળકીઓના જન્મ ઓછા નોંધાયા હતા. આમ પાંચ વર્ષમાં જન્મ સમયે સરેરાશ ૯૩૭૪ બાળકીઓનો જન્મ બાળકોના જન્મ સંખ્યા મુજબ ઓછો નોંધાયો હતો. આંકડાકિય માહિતી મુજબ જન્મ સમયના સેક્સ રેશિયા મુજબ સરેરાશ એક હજાર બાળકોના ૨૦૨૧માં ૮૮૫, ૨૦૨૨માં ૮૯૬, ૨૦૨૩માં ૮૮૬, ૨૦૨૪માં ૮૬૭ અને ૨૦૨૫માં ૯૦૫ બાળકીઓના જન્મ નોંધાયા હતા.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ઝેરી વૃત્તિ

## ગૌમાતાના સામૂહિક કમોત મામલે પડદા પાછળ શંકાસ્પદ ખેલ



રાજકોટ પાસે ૮૦ જેટલી ગાયોના કરુણ મોત એ માત્ર અકસ્માત નથી, પણ એક ગંભીર ગુનો છે. આટલી મોટી સંખ્યામાં ગૌમાતાના જીવ ગયા હોવા છતાં તંત્રની મૌન સેવવાની નીતિ અનેક સવાલો ઉભા કરે છે. પ્રાથમિક તપાસમાં ગોંડલની કોઈ ઓઈલ મિલમાંથી ઝેરી ખોળ આવ્યાનું તારણ બહાર આવ્યું છે. છતાં પણ એ મિલનું નામ જાહેર કરવામાં તંત્રને કયા 'મોટા માથાઓ' નડે છે? શું તંત્ર કંઈક છુપાવી રહ્યું છે?

સામાન્ય ગુનાઓમાં શંકાસ્પદોના નામ તરત જાહેર કરી દેતું પોલીસ અને વહીવટી તંત્ર અહીં કેમ લાચાર છે? ગાયોના મોત મામલે તપાસના નામે માત્ર કાગળિયા જ કરવામાં આવી રહ્યા છે. શું પડદા પાછળ કોઈ મોટું 'સેટિંગ' પાર પાડવામાં આવ્યું છે? આ ઘટનામાં સંડોવાયેલા દોષિતોને બચાવવા માટે કોણ દબાણ કરી રહ્યું છે તે મોટો પ્રશ્ન છે. ગૌમાતાના નામે મત માંગનારા નેતાઓ અત્યારે કેમ મૌન છે?

ગૌશાળાના સંચાલકોએ પણ આત્મમંથન કરવાની જરૂર છે. દાનમાં મળતા નાણાં અને સામગ્રીની ગુણવત્તા તપાસવી તેમની નૈતિક જવાબદારી છે. ગાયોના નામે આવતા દાનનો ઉપયોગ ખરેખર ગૌસેવામાં થાય છે કે માત્ર વહીવટમાં, તે જોવું રહ્યું. ગૌશાળાઓએ માત્ર સંખ્યા વધારવાને બદલે ગાયોના ખોરાકની શુદ્ધતા પર વધુ સજાગ બનવું પડશે.ગૌમાતા માટે ગૌશાળામાં ખાદ્ય સામગ્રીના દાન પણ આવતા હોય છે.દાતાનો ઈરાદો ભલે શુદ્ધ હોય,પણ આવેલી સામગ્રીની ગુણવતા ચકાસવી અનિવાર્ય છે.સામગ્રીના ઉત્પાદકો ઘણીવાર ખરાબ-અખાદ્ય સામગ્રી ધાબડી દેતા હોય છે.આવી ખાદ્ય સામગ્રી સંચાલકોએ રીજેક્ટ કરવી જોઈએ.મોટાભાગે ગૌશાળાના સંચાલકોની વૃત્તિ પણ ઝેરી જોવા મળે છે.આવા તત્વોને સમાજે ઓળખીને સબક શીખવવો જોઈએ.

સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે, જે ગાયને આપણે 'માતા' કહીએ છીએ, તેના સામૂહિક મોત છતાં હિન્દુ સમાજમાં જોઈએ તેવો આક્રોશ કેમ નથી? આપણે રસ્તા પર ઉતરીને ન્યાય માંગવાને બદલે સોશિયલ મીડિયાના મેસેજ સુધી સીમિત રહી ગયા છીએ. શું આપણી સંવેદનાઓ મરી પરવારી છે? જો ગૌમાતાના હત્યારાઓને આપણે સજા ન અપાવી શકીએ, તો ચોક્કસપણે આપણે ગૌભક્તિની લાયકાત ગુમાવી દીધી છે..

તંત્રની આ ઢીલી નીતિ અને સમાજની ઉદાસીનતા એ બાબતની સાબિતી છે કે ગૌરક્ષણ માત્ર વાતોમાં છે. જો તુરંત કડક પગલાં નહીં લેવાય, તો આવી 'ઝેરી વૃત્તિ' ધરાવતા લોકો વધુ બેફામ બનશે. હવે સમય આવી ગયો છે કે તંત્ર પારદર્શક તપાસ કરે અને દોષિતોના નામ જાહેર કરીને તેમને કડકમાં કડક સજા આપે.ગૌમાતાની સેવા ન કરો તો ચાલશે, કમસેકમ કુસેવા તો બંધ કરો.

!! લાખ રૂપિયાની વાત !!
ઘણી વાર જિંદગીમાં તકલીફો
આપણી પરીક્ષા લેવા માટે
નથી આવતી,
પણ આપણી સાથે
જોડાયેલા
લોકોની સાચી
ઓળખાણ
કરવા માટે આવે છે...

પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# બળદગાડાનો પરિવાર એટલે ગાંધી પરિવાર

## ભાજપે કહ્યું, સોનિયા અને રાહુલ ગાંધી નેશનલ હેરાલ્ડ કેસમાં આરોપી છે

નવીદિલ્હી, તા. ૧૭
કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને નેશનલ હેરાલ્ડ કેસમાં દિલ્હીની કોર્ટમાંથી રાહત મળી છે. કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ચાર્જશીટ પર ધ્યાન આપવાનો ઈનકાર કરી દીધો છે. કોંગ્રેસ તેને વિજય ગણાવી રહી છે, ત્યારે ભાજપે બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને ગાંધી પરિવાર પર નિશાન સાધ્યું. પાર્ટીએ કહ્યું, ''આ બળદગાડાનો પરિવાર છે. સૌથી ભ્રષ્ટ પરિવાર. સોનિયા અને રાહુલ જામીન પર બહાર છે.'' ભાજપે કહ્યું, ''સોનિયા અને રાહુલ નેશનલ હેરાલ્ડ કેસમાં આરોપી છે. કોર્ટે તેને રાજકીય બદલો લેવાનો કેસ માન્યો નથી. ગઈકાલે જે નિર્ણય આવ્યો તે એક અલગ મામલો છે.'' ભાજપે વધુમાં જણાવ્યું હતું કે તેમણે નેશનલ હેરાલ્ડની સંપત્તિ હડપ કરી હતી. કેસ ચાલી રહ્યો છે. તેઓ હાઈકોર્ટમાં ગયા, પરંતુ તેમને કોઈ રાહત મળી નથી.



પાર્ટીએ કહ્યું, ''૧૨ જૂન, ૨૦૧૬ ના રોજ, રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ પોતાના કાગળો રજૂ કર્યા, પરંતુ તેમને કોઈ રાહત મળી નહીં. કોર્ટ એક ખાનગી ફરિયાદ પર ધ્યાન આપી રહી છે, તો રાજકીય બદલો ક્યાંથી આવે છે? પીએલએ કાયદો મની લોન્ડરિંગ સાથે સંબંધિત છે. ગઈકાલે, ન્યાયાધીશે કહ્યું, 'આ એક ખાનગી ફરિયાદ છે. કોઈ એફઆઈઆર નથી, તેથી તેઓ નોંધ લઈ રહ્યા નથી.''' ED તેની તપાસ આગળ વધારી શકે છે. તેને ફગાવી દેવામાં આવી નથી. પાર્ટી એ કહ્યું, ''૧૨ જૂન, ૨૦૧૬ ના રોજ, રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને સમન્સ મોકલવામાં આવ્યા હતા, પરંતુ કોઈ રાહત મળી નથી. કોર્ટ એક ખાનગી ફરિયાદ પર ધ્યાન આપી રહી છે, તો રાજકીય દ્વેષ ક્યાંથી આવે છે? પીએલએ કાયદો મની લોન્ડરિંગ સાથે સંબંધિત છે. ગઈકાલે, ન્યાયાધીશે કહ્યું કે આ એક ખાનગી ફરિયાદ છે. કોઈ એફઆઈઆર નથી, તેથી તેઓ નોંધ લઈ રહ્યા નથી. ED તેની તપાસ આગળ વધારી શકે છે. તેને ફગાવી દેવામાં આવી નથી.''

ભાજપ પહેલા, કોંગ્રેસે પણ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પાર્ટીના નેતા અભિષેક સિંઘવીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ થી નેશનલ હેરાલ્ડ કેસ કોઈપણ તથ્યો વિના ચાલી રહ્યો છે. ED અને CBI એ ઘણી વખત સ્પષ્ટપણે કહ્યું હતું કે આખા કેસમાં કોઈ પુરાવા નથી, છતાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેની ઘણા કલાકો સુધી પૂછપરછ કરવામાં આવી હતી.

મલ્લિકાર્જુન ખડગેએ પૂછ્યું કે આ આખો કેસ બદલાની ભાવનાથી કેવી રીતે બનાવવામાં આવ્યો. કેસમાં કોઈ તથ્ય નથી; તેને બનાવટ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ આખો કેસ કોંગ્રેસના નેતાઓ, ખાસ કરીને ગાંધી પરિવારને બદનામ કરવા માટે જાણી જોઈને બનાવવામાં આવ્યો છે. નેશનલ હેરાલ્ડ કેસમાં કોર્ટના ચુકાદા બાદ, ભાજપે ગાંધી પરિવાર પર હુમલો કર્યો છે. ભાજપે બુધવારે ગાંધી પરિવારને નિશાન બનાવવા માટે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. પાર્ટીએ કહ્યું કે તેઓ બળદગાડાનો પરિવાર છે, સૌથી ભ્રષ્ટ પરિવાર. સોનિયા અને રાહુલ જામીન પર બહાર છે.

# ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં તીરાડ

## છેલ્લા ઘણા દિવસોથી બાંગ્લાદેશી નેતાઓ ભારત વિરુદ્ધ ઓકી રહ્યા છે ઝેર

નવીદિલ્હી, તા. ૧૭
છેલ્લા કેટલાક દિવસોથી બાંગ્લાદેશી નેતાઓ ભારત વિરુદ્ધ વારંવાર નિવેદનો આપી રહ્યા છે, વિવિધ નિવેદનો આપી રહ્યા છે. તાજેતરમાં, ૭ સિસ્ટર્સને અલગ પાડવાની ચર્ચા થઈ હતી. ભારતે હવે ચાલુ નિવેદનબાજી સામે કડક વલણ અપનાવ્યું છે. આ નિવેદનો બાદ, ભારતે બાંગ્લાદેશના હાઇ કમિશનરને બોલાવીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. તેણે બાંગ્લાદેશમાં ભારતીય હાઇ કમિશનની સુરક્ષા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. ભારતે ઢાકામાં બાંગ્લાદેશી નાગરિકો માટે વિઝા સંબંધિત કાર્ય સ્થગિત કરવાની પણ જાહેરાત કરી છે. તેણે બાંગ્લાદેશની ચૂંટણીઓ અંગે ભારત સામે લગાવવામાં આવેલા આરોપોને પણ ફગાવી દીધા છે અને તાજેતરના નિવેદનોનો વિરોધ વ્યક્ત કર્યો છે.



તેઓ સોમવારે બાંગ્લાદેશની નવી રચાયેલી નેશનલ સિટીઝન્સ પાર્ટી (NCP) ના વરિષ્ઠ નેતા હસનત અબ્દુલ્લાના એક નિવેદન પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા, જેમાં તેમણે કહ્યું હતું કે જો નવી દિલ્હી તેમના દેશ (બાંગ્લાદેશ) ને અસ્થિર કરવાનો પ્રયાસ કરે છે, તો ઢાકાએ ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોને અલગ પાડવું જોઈએ અને પ્રદેશમાં અલગતાવાદી તત્વોને ટેકો આપવો જોઈએ. આ પહેલીવાર નથી જ્યારે અબ્દુલ્લાએ ભારત વિરોધી નિવેદનો આપ્યા છે; તેમણે અગાઉ ભારત વિરુદ્ધ નિવેદનો આપ્યા છે. હસનતના નિવેદન બાદ, વિદેશ મંત્રાલયે ઢાકામાં ભારતીય મિશનની સુરક્ષા અંગે ભારતમાં બાંગ્લાદેશના હાઇ કમિશનરને બોલાવ્યા હતા. ઢાકા મિશનની બહાર થયેલા વિરોધ પ્રદર્શન બાદ વિદેશ મંત્રાલયે ભારતમાં બાંગ્લાદેશના હાઇ કમિશનર એમ. રિયાઝ હમીદુલ્લાહ સાથે મુલાકાત કરી.

ભારતીય વિદેશ મંત્રાલયે પણ બંને દેશોના અધિકારીઓ વચ્ચેની બેઠક અંગે એક નિવેદન બહાર પાડ્યું. તેમાં કહેવામાં આવ્યું છે કે વિદેશ મંત્રાલયે આજે ભારતમાં બાંગ્લાદેશના હાઈ કમિશનર રિયાઝ હમીદુલ્લાહને બોલાવ્યા હતા અને બાંગ્લાદેશમાં બગડતા સુરક્ષા વાતાવરણ અંગે ભારતની ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. વાતચીત દરમિયાન, ભારત વિરોધી વાણી-વર્તન અને બાંગ્લાદેશમાં ઉગ્રવાદી તત્વો પર ચર્ચા કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત બાંગ્લાદેશમાં તાજેતરની કેટલીક ઘટનાઓ અંગે ઉગ્રવાદી તત્વો દ્વારા બનાવવામાં આવી રહેલી ખોટી વાર્તાને સંપૂર્ણપણે નકારી કાઢે છે. દુર્ભાગ્યપૂર્ણ છે કે વચગાળાની સરકારે આ ઘટનાઓ અંગે ન તો સંપૂર્ણ તપાસ હાથ ધરી છે કે ન તો ભારત સાથે કોઈ અર્થપૂર્ણ પુરાવા શેર કર્યા છે. બાંગ્લાદેશી નેતાઓ છેલ્લા કેટલાક દિવસોથી ભારત વિરુદ્ધ વારંવાર નિવેદનો આપી રહ્યા છે. તેઓ વિવિધ નિવેદનો આપી રહ્યા છે. ભારતે હવે આ ચાલુ વાણી-વર્તન સામે કડક વલણ અપનાવ્યું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# અકલ્યાણ

## ભવ સુધારવાને બદલે ભવનાથની બદનામીનો માર્ગ

ભવ સુધારવા સનાતનમાં સંસાર છોડીને પરમાત્માના શરણે જવાની પરંપરા છે. કળીયુગમાં સંસાર છોડ્યા બાદ પરમાત્મામાં લીન થવાને બદલે સંસારનો મોટો પથારો કરતા સાધુઓ જોવા મળે છે.

સમગ્ર સૌરાષ્ટ્રના નામી ધર્મસ્થાન જૂનાગઢ પંથકમાં સાધુ-સંતોની મોટી જમાત ધબકે છે. આ દિવ્ય ભૂમિ પર વારંવાર વિવાદો બહાર આવતા હોવાથી સનાતન પરંપરાની બદનામી થાય છે.

ભવનાથ અવધૂત આશ્રમના શિષ્ય અને ગૌશાળાના સંચાલક કલ્યાણગિરિ વિવાદમાં આવી ગયા છે. પરમાત્માની પ્રાપ્તિ માટે ધર્મ તરફ વળેલા કલ્યાણગિરિના બેંક ખાતામાં લાખો રૂપિયાની શંકાસ્પદ ઉથલ પાથલ જાહેર થતા ગુન્હો નોંધાયો છે.



સૌરાષ્ટ્રભરમાં સાયબર ફ્રોડથી માંડીને બેંક ખાતાના દૂરુપયોગનો મુદ્દો ગરમ છે. સામાન્ય માણસના ખાતાઓમાં લાખો રૂપિયાની શંકાસ્પદ ઉથલપાથલ અંગે અનેક લોકો સામે કેસ નોંધાયા છે. આ લિસ્ટમાં જૂનાગઢના સાધુનું નામ ઉમેરાતા કૌભાંડની વ્યાપકતા ખૂબ મોટી હોવાનું અનુમાન જાણકારો દ્વારા થઇ રહ્યું છે.

કલ્યાણગિરિ સામે તપાસ શરૂ થતા ચકચાર મચી ગઇ છે. જાણકારો કહે છે કે, ગીર-જૂનાગઢ પંથકના અનેક ધર્મસ્થાનો આવા ફ્રોડમાં જાણતા કે અજાણતા અટવાઇ ગયા હોય તેમ લાગે છે. આ અંગે ઊંડાણથી-પૂરતી તપાસ થાય તો મોટા ભાંડા ફૂટી શકે છે.

ધર્મસ્થાનોના આર્થિક ગોટાળા અવાર-નવાર જાહેર થતા હોય છે. ભક્તો આસ્થાના નામે દાન-ભેટના પ્રવાહ વહાવતા હોય છે. અધધધ આવક તથા મોટાપાયે માન-પાન મળતા હોવાથી ઘણાં મહાત્માઓ છકી જતા હોય છે. પરમાત્માની પ્રાપ્તીનો મૂળ ઉદ્દેશ તો બાષ્પિભવન થઇ જ ગયો હોય છે. માથાભારે અને મોટા માથાંને સાથે રાખીને ઘણાં મહાત્માઓ સનાતનની બદનામી થાય તેવા કૃત્યોના રવાડે ચઢી જતા હોય છે.

આ અંગે રિસર્ચ થાય તો ખ્યાલ આવે કે ધર્મસ્થાનોમાં મોટા-મોટા પદ પર લાયકાત વગરના તત્વો મોટાપાયે ગોઠવાઇ ગયા છે. પ્રવચનોમાં પરમાત્માની વાતો કરતા વક્તાઓ-મહાત્માઓ પડદા પાછળ પરમાત્મા નારાજ થઇ જાય તેવા ખેલ ખેલતા હોય છે.

સનાતનીઓએ ટકોરા મારવાની જરૂર છે. ગમે તેના ચરણોમાં આળોટીને રૂપિયાના ઢગલાં કરી દેવા એ બાબત ફેરવિચારણા કરવા જેવી છે. સંસાર છોડ્યા બાદ રૂપિયા અને પદ-પ્રતિષ્ઠાની જરૂર કેમ પડે છે? આપણે જાગૃત નહિ થઇએ તો સનાતન પરંપરામાં દૂકાનો અને કંપનીઓ જેવા જ સ્થાનકો બની જશે.

# બિશ્નોઇ ગેંગના પાંચ કુખ્યાત શૂટરની ધરપકડ

## શૂટરો લૉરેન્સ બિશ્નોઈ, આરજુ અને હેરી બોક્સર માટે કરતા'તા કામ

નવીદિલ્હી, તા. ૧૭
દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે લોરેન્સ બિશ્નોઈ, આરજુ અને હેરી બોક્સર ગેંગના પાંચ કુખ્યાત શૂટરોની ધરપકડ કરી છે. આમાંથી બે શૂટર ૧ ડિસેમ્બરે ચંદીગઢમાં ઈન્દ્રપ્રીત પેરીની હત્યામાં સામેલ હતા. ધરપકડ કરાયેલા શૂટર્સ અંકુશ, પીયૂષ પીપલાણી, કુંવરબીર, લવપ્રીત અને કપિલ ખત્રી છે. પોલીસના જણાવ્યા અનુસાર, અંકુશ અને પીયૂષ ૧ ડિસેમ્બરે પેરીની હત્યામાં સામેલ હતા. તેમને હેરી બોક્સર અને આરજુ તરફથી આદેશ મળ્યો હતો. પીયૂષ પીપલાણી પેરીની હત્યાનો મુખ્ય શૂટર હતો. પોલીસ તેની શોધમાં પંજાબમાં દરોડા પાડી રહી હતી. દરમિયાન, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને માહિતી મળી હતી કે કુંવરબીર શાંતિ વન પહોંચવાનો છે. આ પછી, પોલીસે છટકું ગોઠવીને કુંવરબીરની



ધરપકડ કરી. કુંવરબીર તેના બે સાથીઓ, લવપ્રીત અને કપિલ સાથે હતો. પૂછપરછ દરમિયાન, પોલીસે શૂટર, પીયૂષ અને તેના સાથી અંકુશ વિશે માહિતી મેળવી. ત્યારબાદ પોલીસે બંનેની ત્રણ કલાક પછી રાત્રે ૮ વાગ્યાની આસપાસ સરાઈ કાલે ખાન વિસ્તારમાં ધરપકડ કરી.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા પાંચેય શૂટરો લોરેન્સ બિશ્નોઈ, આરજુ અને હેરી બોક્સર માટે કામ કરે છે. પીયૂષ અને અંકુશ નજીકના મિત્રો છે અને પાંચ મહિનામાં ત્રણ હત્યાઓમાં સંડોવાયેલા છે. પીયૂષ અને અંકુશ પહેલા જોગેન્દ્રની ગેંગનો ભાગ હતા, પરંતુ બાદમાં તેઓ હેરી બોક્સરના સંપર્કમાં આવ્યા અને તેના નેટવર્ક માટે કામ કરવાનું શરૂ કર્યું.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, આરજુ અને હેરી બોક્સરે બે મહિના પહેલા દિલ્હીમાં ઘણા લોકોને ખંડણી અને વર્ચસ્વ માટે ધમકી આપી હતી. આ પછી, પોલીસે તેમની ગેંગના કેટલાક સભ્યોની ધરપકડ કરી હતી, પરંતુ પીયૂષ અને અંકુશનું દિલ્હીમાં આગમન સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ દિલ્હીમાં પોતાનો પગ જમાવવા માટે કંઈ પણ કરવા તૈયાર છે. જોકે, દિલ્હી પોલીસે સમયસર તેમની ધરપકડ કરી. મોટાભાગની હત્યાઓ વર્ચસ્વ નહીં, પરંતુ કબડ્ડી ખેલાડી સોનુ નોલતાની હત્યાથી પ્રેરિત છે, જેનાથી પોલીસની સતર્કતા વધી ગઈ છે. ધરપકડ કરાયેલા શૂટરો પાસેથી પોલીસે હથિયારો અને જીવંત દારૂગોળો જપ્ત કર્યો છે. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે પાંચ કુખ્યાત શૂટરોની ધરપકડ કરી છે. તેઓ લોરેન્સ બિશ્નોઈ, આરજુ અને હેરી બોક્સર ગેંગનો ભાગ છે. આમાંથી બે શૂટર ચંદીગઢમાં ઇન્દ્રપ્રીત પેરીની હત્યામાં સામેલ હતા. આ શૂટરો પાંચ મહિનામાં ત્રણ હત્યાઓમાં સંડોવાયેલા છે, જેમાં કબડ્ડી ખેલાડી સોનુ નોલ્ટા અને રેસ્ટોરન્ટના માલિક આશુ મહાજનની હત્યાનો સમાવેશ થાય છે.

### મનરેગાથી લઇ NBA સુધી

# મોદી સરકારે ૨૮ યોજનાઓના નામ બદલ્યા

## દેશની સૌથી મોટી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાનું નામ અને ફોર્મેટ બદલવાનો પ્રસ્તાવ મૂકતા વિપક્ષે સરકારની 'નામ-બદલાવ નીતિ' ગણાવી

નવીદિલ્હી, તા. ૧૭
મંગળવારે સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં મનરેગા સંબંધિત એક નવું બિલ રજૂ થતાં જ રાજકીય વર્તુળોમાં ઉશ્કેરાટ ફેલાઈ ગયો. દેશની સૌથી મોટી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાનું નામ અને ફોર્મેટ બદલવાનો પ્રસ્તાવ મૂકતા વિપક્ષે તેને સરકારની ''નામ-બદલાવ નીતિ'' ગણાવી, જ્યારે સરકારે તેને બદલાતા ભારત માટે જરૂરિયાત ગણાવી. હકીકતમાં, આ ચર્ચા ફક્ત એક યોજના સુધી મર્યાદિત નથી, પરંતુ તે એક વ્યાપક રાજકીય અને વૈચારિક પરિવર્તનનો ભાગ છે જેમાં છેલ્લા દાયકામાં ઘણી જૂની યોજનાઓ, રસ્તાઓ, સંસ્થાઓ અને કાયદાઓને નવા નામ અને નવી ઓળખ આપવામાં આવી છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોનો આરોપ છે કે મોદી સરકારે યુપીએ શાસન દરમિયાન શરૂ કરાયેલી ૨૫ થી વધુ યોજનાઓ અને પ્રોજેક્ટ્સનું નામ બદલી નાખ્યું છે અથવા તેનું નામ બદલી નાખ્યું છે. કોંગ્રેસનો દાવો છે કે આ ફક્ત નામ બદલવાની કવાયત નથી, પરંતુ રાજકીય વારસાને ભૂંસી નાખવાનો પ્રયાસ છે. બીજી તરફ, સરકાર દલીલ કરે છે કે યોજનાઓનો અવકાશ, ઉદ્દેશ્યો અને પદ્ધતિ પણ બદલાઈ ગઈ છે, જેના કારણે નવું નામ સ્વાભાવિક રીતે યોગ્ય છે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના, જેને સામાન્ય રીતે મનરેગા તરીકે ઓળખવામાં આવે છે, તે ૨૦૦૫માં યુપીએ સરકાર દરમિયાન શરૂ કરવામાં આવી હતી. આ યોજના ગ્રામીણ પરિવારોને દર વર્ષે ૧૦૦ દિવસની રોજગારની કાનૂની ગેરંટી પૂરી પાડે છે. હવે, મોદી સરકારે તેને ''વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા માટેની ગેરંટી મિશન'' અથવા VBG RAM G નામના નવા કાયદા તરીકે રજૂ કરી છે. સરકારનો દાવો છે કે આ નવા કાયદા હેઠળ, ગ્રામીણ પરિવારોને ૧૨૫ દિવસના કામની ગેરંટી આપવામાં આવશે, અને ધ્યાન વેતનથી ગ્રામીણ માળખાગત સુવિધાઓ, પાણીની સુરક્ષા, આજીવિકા અને આબોહવા-સ્થિતિસ્થાપક વિકાસ પર કેન્દ્રિત કરવામાં આવશે. વિપક્ષ આને મનરેગાની ભાવના સાથે ચેડાં ગણાવી રહ્યો છે, જ્યારે સરકાર તેને ''વિકસિત ભારત ૨૦૪૭'' ના વિઝન સાથે જોડી રહી છે.

વિપક્ષનો આરોપ છે કે મોદી સરકારે છેલ્લા ૧૪ વર્ષમાં ૨૮ યોજનાઓના નામ બદલ્યા છે. ચાલો કોંગ્રેસ સરકારની યોજનાઓ પર એક નજર કરીએ જેનું નામ બદલી નાખવામાં આવ્યું છે. ગરીબોને કાયમી ઘર આપવાના ઉદ્દેશ્ય સાથે ૧૯૮૫માં શરૂ કરાયેલી ઈન્દિરા આવાસ યોજના યુપીએ શાસન દરમિયાન એક મુખ્ય સામાજિક યોજના હતી. ૨૦૧૬માં, મોદી સરકારે તેનું નામ બદલીને પ્રધાનમંત્રી આવાસ યોજના (પ્રધાનમંત્રી આવાસ યોજના) રાખ્યું. તેનો અમલ બે ભાગમાં કરવામાં આવ્યોઃ ગ્રામીણ વિસ્તારો માટે પીએમએવાય-જી અને શહેરી વિસ્તારો માટે પીએમએવાય-શહેરી. સરકારે જણાવ્યું હતું કે ''બધા માટે ઘર'' ના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે યોજનાના નાણાકીય અને તકનીકી માળખામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા, જેના કારણે એક નવું નામ જરૂરી બન્યું.

૨૦૦૫માં શરૂ કરાયેલ, જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી નવીકરણ મિશન શહેરી માળખાગત સુવિધાઓ સુધારવા માટે યુપીએ સરકારની એક મુખ્ય પહેલ હતી. ૨૦૧૫માં, તેનું નામ બદલીને અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT) રાખવામાં આવ્યું. સરકારના મતે, આ ફેરફાર શહેરી વિકાસના નવા લક્ષ્યો અને પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરવા માટે કરવામાં આવ્યો હતો.

મોરબીના પીપળીયા ચાર રસ્તા પાસે પદયાત્રીકોને ટ્રકે ઠોકરે લીધાઃ ચારના ઘટના સ્થળે મોત, એક ગંભીર

# હાઈવે પર ફરી વળેલા કાળચક્રએ સાતનો લીધો ભોગ

## બગસરા ડેરી પીપળીયા પાસે કાર ઝાડમાં અથડાતાં ત્રણ મિત્રોની જિંદગીની સફરનો અંત

રાજકોટ, તા. ૧૭

હાઈવે પર કાળે ડેરાતંબુ તાણ્યા હોય તેમ સૌરાષ્ટ્રમાં બે ગોઝારા અકસ્માતમાં સાત જીંદગી હણાઇ ગઇ છે. મોરબી જીલ્લાના માળીયા મિંયાણા તાલુકાના પીપળીયા ચાર રસ્તા પાસે બનાસકાંઠાના થરાદ-દીયોદરથી દ્વારકા જતા ચાર પદયાત્રીકોને ટ્રકે કચડી માર્યા હતાં. પાંચમા પદયાત્રીની હાલત ગંભીર ગણાવાઇ રહી હતી. બીજા બનાવમાં બીજા બનાવમાં અમરેલી જીલ્લાના બગસરાના ડેરી પીપળીયાના પાટીયા પાસે કાર ઝાડ સાથે અથડાતા વડિયાથી ધાર્મિક કાર્ય માટે આવેલા જુનાગઢના ત્રણ મિત્રો કાળનો કોળીયો બની ગયા હતાં.

કાળમુખા ગોઝારા અકસ્માતન વિગતો પર નજર કરીએ તો તો મોરબીના માળિયા મિયાણાના પીપળીયા જવાના રસ્તા નજીક શિવમ હોટલ પાસે આજે વહેલી સવારે એક ટ્રક ચાલકે બનાસકાંઠાના થરાદ તરફથી દ્વારકા તરફ જઈ રહેલા પદયાત્રીકોને હડફેટે લીધા હતા. જેમાં ઘટના સ્થળે જ ચાર પદયાત્રીકોના મૃત્યુ થયા હતા. વધુમાં આ ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિને ઈજા પહોંચતા તેને મોરબી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ ત્યાં દોડી ગઈ હતી. બનાવને પગલે માળિયા પોલીસ ટીમ દોડી ગઈ છે અને હીટ એન્ડ રનના બનાવની તપાસ ચલાવી છે તો મૃતકોના મૃતદેહ મોરબી સિવિલ હોસ્પિટલ પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે દ્વારકા દર્શને જતા પદયાત્રીઓના કરુણ મોતથી પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે તો પોલીસે ફરાર વાહન ચાલકને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.



કાળનો કોળીયો બનેલા હતભાગી પદયાત્રીઓના નામ દિલીપભાઈ રયાભાઈ ચૌધરી (ઉં.વ. ૨૮, રહે. અધગામ, દિયોદર), હાર્દિકભાઈ માલાભાઈ ચૌધરી (ઉં.વ. ૨૮, રહે. અધગામ, દિયોદર), ભગવાનભાઈ લાલભાઈ ચૌધરી (ઉં.વ. ૬૫, રહે. નવા દિયોદર) અને અમરાભાઇ લાલાભાઇ ચૌધરી (ઉં.વ. ૬૨, રહે. નાના દિયોદર) છે.

દુર્ઘટનાના સમાચાર મળતા જ ટંકારાના ધારાસભ્ય દુર્લભજી દેથરીયા મોરબી સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. તેમણે ઈજાગ્રસ્તોની પૂછપરછ કરી સાંત્વના આપી હતી અને મૃતદેહોને સન્માનપૂર્વક તેમના વતન બનાસકાંઠા મોકલવા માટે જરૂરી વ્યવસ્થા કરી આપી હતી. દ્વારકા પહોંચતા પહેલા જ શ્રદ્ધાળુઓના મોતથી બનાસકાંઠા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

બીજા એક અકસ્માત પર નજર કરીએ તો જુનાગઢના ચાર મિત્રો અમરેલીના વડિયા ખાતે ધાર્મિક કાર્ય અર્થે આવેલ હતા. ત્યારબાદ રાત્રી સમય દરમિયાન પોતાની ટાટા નેક્સન કાર લઈને પરત ફરી રહેલ હતા. ત્યારે આશરે રાત્રીના બેથી અઢી વચ્ચે પોતાના ગામ જૂનાગઢ તરફ પરત ફરી રહ્યા હતા. એવા સમય દરમિયાન બગસરાના હડાળા રોડ ઉપર આવેલ ડેરી પીપરીયાના પાટિયા નજીક પોતાની કાર પરના સ્ટેરીંગનો કાબુ ગુમાવી જતા પોતાની કાર ધડાકા ભેર એક મહાકાય વૃક્ષ સાથે અથડાઇ પડી હતી.

આ ગોઝારા અકસ્માતમાં ઘટના સ્થળે ત્રણ વ્યક્તિના મોત થયાં હતા. જેમાં વિકાશભાઈ સવજીભાઈ સાવલિયા ઉંમર વર્ષ ૩૮ રહે જૂનાગઢ, મંથનભાઈ રમેશભાઈ સાવલિયા ઉંમર વર્ષ ૨૬ રહે જલણસર તેમજ ધર્મેશભાઈ બાવનજીભાઈ સાવલિયા ઉંમર વર્ષ ૨૭ રહે જાલણસરનો સમાવેશ થાય છે. તેમજ અન્ય મિત્ર વિકાશભાઈ પરમાર રહે બાટવા દેવળીને ગંભીર ઇજા થતાં સારવાર માટે દાખલ કરાયા હતાં.

તેને પ્રથમ બગસરા ત્યાર બાદ વધુ સારવાર અર્થે અમરેલી સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જયારે આ ઘટનાની જાણ ત્યાંથી પસાર થતા રાહદારીઓ દ્વારા પોલિશ તેમજ ૧૦૮ને કરવામાં આવી હતી. પોલીસ પણ પહોંચી હતી અને કાર્યવાહી કરી હતી. આમ બે અકસ્માતમાં હાઇવે પર ડેરાતંબુ તાણીને બેઠેલા યમદૂતો સાત જિંદગીને હણી ગયા હતાં. આ ઘટનાઓથી મૃતકોના પરિવારજનો, સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

# ખમણની દૂકાનમાં વેચાતો’તો ગોગો સ્મોકિંગ કોન

## રોલીંગ પેપર્સના મોટા જથ્થા સાથે વેપારીને દબોચી લેતી SOGની નાર્કોટીક્સ સેલઃ રૂ. ૫૮,૯૨૦નો મુદ્દામાલ કબજે

રાજકોટ, તા.૧૭

રૈયા રોડ પર ખમણની દુકાનમાં ગોગો સ્મોકિંગ કોન વેચતા વેપારી મહેશ ધીરજલાલ રાજવીરને ૫૮,૯૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરી છે.




મળતી વિગતો મુજબ દારૂ-જુગારની બદીને અંકુશમાં લાવવાની સાથે હવે શહેરમાં સે નો ટૂ ડ્રગ્સ અંતર્ગત અભિયાન ચલાવીને માદક પદાર્થોની બેરોકટોક ઘુસણખોરી અટકાવવા પોલીસે કમ્મર કસી છે.

શહેરમાં ચરસ ગાંજાનું સેવન કરવા માટે રોલીંગ પેપર,ગોગો સ્મોકીંગ કોન, પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. તે પદાર્થની અંદર ટાઈટેનીયમ,ઓકસાઇડ, પોટેશીયમ નાઇટ્રેટ આર્ટીફીશયલ ડાય,કેલ્શીયમ કાર્બોનેટ તથા ક્લોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થ હોય છે. જે માનવ સ્વાસ્થય માટે ખુબ જ હાનીકારક છે. આવા રોલીંગ પેપર, ગોગો સ્મોકીંગ કોન, પરફેક્ટ રોલ જેવી વસ્તુઓ પાન પાર્લર, પરચુરણ કરીયાણાની દુકાનો તેમજ ચાની દુકાનદારો વિગેરે ઉપરથી મળી રહેતા હોય છે. પરિણામે યુવા વર્ગમાં નશો કરવાની વૃતિમાં વધારો થતો હોવાનું કહેવાય છે. ત્યારે રોલીંગ પેપર, ગોગો સ્મોકીંગ કોન, પરફેક્ટ રોલ જેવી વસ્તુઓ ગુજરાત રાજ્યમાં આવેલ પાન પાર્લર, ચાની દુકાનો, છુટક કરીયાણાની દુકાનો વિગેરેમાં વેચાણ ન થાય તે બાબતે ગુજરાત સરકાર ગૃહ વિભાગ ગાંધીનગર દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરતા આ અંગે કડક ચેકિંગ કરીને આરોપીઓને પકડી પાડવા શહેરના તમામ પોલીસ સ્ટેશનો પર સંબંધિત અધિકારીઓને પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ જગદીશ બાંગરવા તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયા દ્વારા સુચના આપવામાં આવી હતી. એસ.ઓ.જી. પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઈ વી.વી.ધ્રાંગુના માર્ગદર્શન હેઠળ આજે એસ.ઓ.જી. શાખાની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારઅને યોગેન્દ્રસિંહ ઝાલાને સંયુકત બાતમી મળી હતી કે રૈયા રોડ પર એક ખમણની દુકાનમાં ગોગો સ્મોકિંગ કોન વેચાય છે.

બાતમીના આધારે એસઓજીએ દરોડો પાડી તપાસ કરતા રૈયા રોડ, રામેશ્વર ચોક પરની જલારામ નાયલોન ખમણ’ નામની દુકાનમાંથી રૂ. ૫૮,૯૨૦ના રોલીંગ પેપર, ગોગો સ્મોકીંગ કોન, ફિલ્ટરટીપ્સ, ક્રસીંગ ટ્રે વેચાણ માટે રાખનાર અને ‘‘વેરાઇ કૃપા‘‘ મકાન રામેશ્વર પાક શેરી નં.૩માં રહેતા મહેશ ધીરજલાલ રાજવીર(ઉ.વ.૬૫) ઝડપાઈ ગયો હતો. એસઓજીએ તેમના વિરુદ્ધ ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ખમણની દુકાનમાં દરોડો પાડવામાં પીઆઈ એસ.એમ. જાડેજા, પીએસઆઈ વી.વી.ધ્રાંગુ, એ.એસ.આઇ. ફિરોજભાઇ રાઠોડ, પો.હેડ.કોન્સ. મૌલિકભાઇ સાવલીયા, દિગ્વિજયસિંહ ગોહિલ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર અને યોગેન્દ્રસિંહ ઝાલા વિગેરે દ્વારા કાર્યવાહી કરાઈ હતી.

ગોંડલ રોડ ચોકડીએ બનાવઃ અગાઉ સાથે કામ કરતાં શખ્સના ભાઈએ કરી માથાકુટઃ આજીડેમ પોલીસમાં ફરિયાદ

# આજે તો લપ કરવાની જ છે, છરીના ઘા મારી દેવા છે..ટ્રાવેલ્સ કર્મી સાથે ડખ્ખો

રાજકોટ, તા. ૧૭

શહેરમાં ટ્રાવેલ્સની ઓફિસમાં નોકરી કરતાં યુવાનને કારણ વગર ગાળો દઇ છરીના ઘા મારી પતાવી દેવાની અને લપ કરવાની જ છે તેમ કહી ધમકી અપાતાં વાત પોલીસ સુધી પહોંચી છે.

વિગતો જોઇએ તો ગોંડલ રોડ પર ટ્રાવેલ્સની ઓફિસમાં કામ કરતાં યુવાનને આ ઓફિસના પુર્વ કર્મચારીના ભાઇએ કારણ વગર ગાળો દઇ તારી સાથે લપ કરવાની છે, તને શેની હવા છે કહી છરીના ઘા મારી પતાવી દેવાની ધમકી અપાતાં ફરિયાદ થઇ છે. આ બનાવમાં આજીડેમ પોલીસે ગોંડલ રોડ પર ઓમ પ્રીયદર્શીની સોસાયટીમાં રહેતાં ત્રેવીસ વર્ષના ખંતીલ મહેશભાઇ ગોહેલની ફરિયાદ પરથી રવિ ગોસ્વામી વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. ખંતીલએ જણાવ્યું હતુ કે હું પરિવાર સાથે રહુ છું અને ગોંડલ ચોકડીએ આવેલ માતૃકૃપા ટ્રાવેલ્સની ઓફિસમાં ચાર વર્ષની નોકરી કરુ છું. ગત એકવીસમી ઓક્ટોબરના રોજ હું નોકરીના સ્થળે હતો ત્યારે સાંજે સાડા છએક વાગ્યે ઓફિસથી આગળ ચામુંડા પાન પાસે મુસાફરોને અમારી માતૃકૃપા ટ્રાવેલ્સની બસમાં બેસાડતો હતો.



તે વખતે અગાઉ અમારી ઓફિસમાં નોકરી કરતો રાજ ગોસ્વામીનો ભાઇ રવિ ગોસ્વામી આવ્યો હતો અને-તને કોની હવા છે? તારી સાથે લપ કરવાની થાય છે તેમ કહી મને ગાળો દેવા માંડ્યો હતો. મેં તેને ગાળો બોલવાની ના પાડતાં મારી ઓફિસમાં નોકરી કરતાં ઈન્દ્રજીતસિંહ જાડેજા, કૃષ્ણસિંહ ચુડાસમા, વિશ્વજીતસિંહ સરવૈયા સહિતના આવી જતાં રવિ ગોસ્વામી ત્યાંથી જતો રહ્યો હતો અને જતાં જતાં પણ ‘તને છરીના ઘોદા મારી પતાવી દેવો છે’ તેવી ધમકી આપતો ગયો હતો. કારણ વગર મારી સાથે ઝઘડો કરી ગાળો દઇ ધમકી આપી હતી. મારા માતાની માનસિક બિમારીની સારાવર ચાલુ હોઇ જેથી હું ફરિયાદ કરવા આવી શક્યો નહોતો. આથી મોડેથી ફરિયાદ કરી હતી. તેમ ખંતીલએ જણાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એસ. ડી. બારોટે ફરિયાદ નોંધી હતી.

# કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ૨,૪૧,૪૬૬ અસરગ્રસ્ત ખેડૂતોની અરજી

## ૨,૩૯,૨૧૫ અરજીઓની ચકાસણી પૂર્ણ ૬૬૫ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર

રાજકોટ, તા.૧૭

કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત ખેડૂતોને ટેકો પૂરો પાડવા રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ અન્વયે પાક નુકસાની સહાયનો લાભ મેળવવા માટે રાજકોટ જિલ્લામાં કુલ ૨,૪૧,૪૬૬ ખેડૂતોએ અરજી કરી છે. જે પૈકી તા.૧૭ ડિસેમ્બર એટલે કે, આજદિન સુધીમાં ૨,૩૯,૨૧૫ અરજીઓની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

રાજકોટ જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૬૬૫ કરોડથી વધુની રકમ ડી.બી.ટી મારફતે સીધી અરજદાર ખેડૂતના આધારલિંક બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. જ્યારે અન્ય ખેડૂતોની અરજી ચકાસણી પ્રક્રિયા સતત શરૂ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે રાજકોટ જિલ્લામાં તમામ ગ્રામ પંચાયતમાં જોગવાઈ મુજબ વી.સી.ઈ. મારફતે નુકસાનગ્રસ્ત ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી ૧૪મી નવેમ્બરથી શરૂ થઇ હતી.

રાહત પેકેજ અન્વયે જિલ્લાના તમામ અસરગ્રસ્ત ૬૫૨ ગામ આવરી લેવામાં આવ્યા છે. અરજદાર તરફથી રજૂ થયેલા સાધનિક પુરાવા અને વિગતોની ચકાસણીની કામગીરી ગ્રામસેવક અને તાલુકાનાં કર્મયોગીઓ દ્વારા કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં હાલના તબક્કે ૯૯ ટકાથી વધુ અરજીઓની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. હાલ અન્ય અરજીઓની ચકાસણીની કામગીરી દિવસ રાત સતત શરૂ છે. જેમ જેમ અરજી ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થશે તેમ ત્વરાએ પાક નુકસાની સહાય પેકેજની રકમ ખેડૂતોના બેંક ખાતામાં ડી.બી.ટી મારફતે સીધી જ જમા કરવામાં આવશે. તેવું રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું હતું. ખેડૂતમિત્રોને આધાર સીડીંગ કરાવવાનું બાકી હોય તેઓને પોતાના બેંક ખાતાને આધાર કાર્ડ સાથે લીંક કરાવી આધાર સીડીંગ અને ડીબીટી એનેબલ કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રોજબરોજ સર્જાતા રહે છે રોડ અકસ્માતઃ બેફામ સ્પીડ બની જાય છે જોખમકારક

# હિટ એન્ડ રનઃ સાડીમાં ફસાયેલી નંબર પ્લેટથી ભેદ ખુલ્યો

## ગોંડલ રોડ પર માતા સાથે રસ્તો ઓળંગતી બાળકીને ઉલાળીને વાહનવાળો ભાગ્યોઃ બાળાને પગમાં સળીયા આવ્યાઃ જો કે બાળાની માતાની સાડીમાં વાહનની નંબર પ્લેટ ફસાઇ જતાં તેના આધારે પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૧૭

ગુનેગાર ગમે એટલો શાતીર હોય તે કોઇને કોઇ સબુત છોડીને જ જતો હોય છે. કંઇક આવી જ એક હિટ એન્ડ રનની ઘટના રાજકોટમાં ગોંડલ રોડ પર મક્કમ ચોક તરફના રસ્તે બની છે. જેમાં એક બાળકીનો પગ ભાંગી ગયો હતો. મા-દિકરી રસ્તો ઓળંગી રહી હતી ત્યારે વાહનનો ચાલક બાળકીને ઠોકરે લઇ ભાગી ગયો હતો. આ કારણે બાળકીને ગંભીર ઇજા પહોંચી હતી અને પગ ભાંગી જતાં સળીયો મુકી ઓપરેશન કરાવવું પડ્યું હતું. વાહનચાલક ભાગી તો ગયો હતો પરંતુ તેના વાહનની નંબર પ્લેટ નીકળીને બાળકીના માતાની સાડીમાં ફસાઇ ગઇ હતી. આને આધારે પોલીસે એફઆઇઆર દાખલ કરી આ વાહનચાલકને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી. અન્ય એક અકસ્માતમાં કાર પાછળ કાર અથડાવી નુકસાન કરનારાએ ખર્ચ આપી દેવાની ખાત્રી આપી પછી હાથ ઉંચા કરી દેતાં એફઆઇઆર દાખલ કરાવાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ગોડલ રોડ પર વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં ટુવ્હીલરનો ચાલક માતા સાથે રસ્તો ઓળંગી રહેલી બાળાને ઠોકરે લઇ ભાગી જતાં બાળાનો પગ ભાંગી જતાં તેમાં ઓપરેશન કરી સળીયો બેસાડવો પડ્યો હતો. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે લોહાનગર મફતીયાપરા ગુરૂકુળ સામે રહેતાં ઓગણચાલીસ વર્ષના જયશ્રીબેન ભોજાભાઇ વઢીયારાની ફરિયાદ પરથી એક્સેસ ટુવ્હીલર નં. જીજે૦૩એમજે-૭૯૧૬ના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા હતાં. જયશ્રીબેન પરિવાર સાથે રહે છે અને સંચાનમાં ચાર દિકરી તથા બે દિકરા છે. પોતે શાકભાજી વેંચી પરિવારને મદદરૂપ થાય છે.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ ગત બીજી તારીખના રોજ તે તથા તેની દિકરી સોળ વર્ષની નંદની ગોંડલ રોડ પૂલ ઉતરતાં મક્કમ ચોક તરફ જતાં રસ્તા પર રંગોલી કોમ્પલેક્ષ પાસેના રસ્તા પર ડિવાઇડર પાસે રસ્તો ઓળંગતા હતાં ત્યારે એક્સેસના ચાલકે તેની દિકરી નંદનીને ઠોકરે ચડાવી દીધી હતી. અકસ્માત સર્જી તે ભાગી ગયો હતો. પણ તેની નંબર પ્લેટ નીકળીને



### બીજા બનાવમાં અકસ્માત સર્જી નુકસાની આપી દેશે તેવું કહેનારો ફરી જતાં દાખલ થઇ ફોજદારી

જયશ્રીબેનની સાડીમાં ફસાઇ ગઇ હતી. નંદનીને ડાબા પગે ગોઠણની ઘુંટી સુધીના ભાગે ગંભીર ઇજા પહોંચી હોઇ સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઇ જવાઇ હતી. અહિ ડોક્ટરે તેને પગમાં ફ્રેકચર થઇ ગયાનું અને ઓપરેશન કરવું પડશે તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ નંદનીનું ડોક્ટરે ઓપરેશન કરી પગમાં સળીયો બેસાડ્યો હતો. એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના હેડકોન્સ. વાય. એમ. ગોહિલે જયશ્રીબેનની સાડીમાં ફસાઇ ગયેલી ટુવ્હીલરચાલકની નંબર પ્લેટને આધારે ગુનો દાખલ કરી તેના સુધી પહોંચવા તજવીજ શરૂ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો માલીયાસણ બ્રીજ પર આગળ જતી એસટી બસના ચાલકે ઓચીંતી બ્રેક મારતાં તેની પાછળના ઇનોવાના ચાલકે પણ બ્રેક મારતાં આ ઇનોવા પાછળ અન્ય એક કાર ધડાકાભેર અથડાતાં ઇનોવમાં ભારે નુકસાની થઇ હતી. જે તે વખતે કારચાલકે પોતે ખર્ચના પૈસા આપી દેશે તેવુ કહી બાદમાં નવ્વાણું હજાર જેવી રકમ ન આપતાં ફરિયાદ થઇ છે. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે વાંકાનેરના જાલીડા ગામે રાયનો ફોર્મ ઇન્ડસ્ટ્રીઝ પાસે રહેતાં અઠ્ઠાવસ વર્ષના રાજેન્દ્રભભાઇ મુકેશભાઇ ઝાલાની ફરિયાદ પરથી કાર નં. જીજે૦૩એચકે-૭૪૦૯ના ચાલક વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

વધુમાં રાજેન્દ્રભાઇ ઝાલાએ જણાવ્યા મુજબ તે રાયનો ફાર્મ ઇન્ડસ્ટ્રીઝમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. છઠ્ઠી તારીખે સાંજે સવા સાતેક વાગ્યે હું કંપનીના ડ્રાઇવર પંકજભાઇ દેવજીભાઇ સોલંકી સાથે કંપનીની ઇનોવા કાર જીજે૧૩એબી-૮૦૬૨માં બેસી જાલીડાથી રાજકોટજવા નીકળતાં પોણા આઠેક વાગ્યે રાજકોટ અમદાવાદ હાઇવે પર માલીયાસણ બ્રીજ પરથી પસાર થતાં આગળ જતી એસટી બસના ચાલકે અચાનક બ્રેક મારતાં અમારા ડ્રાઇવર પંકજભાઇએ પણ બ્રેક મારી હતી. જેથી પાછળ આવી રહેલી કાર જીજે૦૩એચકે-૭૪૦૯ના ચાલકે અમારી કાર પાછળ તેની કાર અથડાવી દેતાં અમારી કારની ડેકી, પાછળના બમ્ફરમાં નુકસાની થઇ હતી. જે તે વખતે એ કારના ચાલકે નુકસાનીના પૈસા આપી દેશે તેવુ કહેતાં અમે ફરિયાદ કરી નહોતી. પરંતુ હવે એ કારનો ચાલક રૂા. ૯૯૬૩૦નું નુકસાન થયું હોઇ તે આપતો ન હોઇ જેથી ફરિયાદ નોંધાવી પડી હતી. એએસઆઇ કે. એચ. પલાળીયાએ કાર્યવાહી કરી હતી.

### ફ્રોડના બની રહેલા અસંખ્ય બનાવો વચ્ચે એક ચોંકાવનારો નવિનત્તમ કિસ્સો

# નકલી APPથી રોકાણ બતાવી બે કરોડની ઠગાઇ

## અસલી એપમાં ગઠિયાઓએ આ રોકાણ બતાવી ઠગાઇ કરી હતીઃ પોલીસે બે શખ્સોને દબોચી પુછપરછ કરતાં વિસ્તૃત વિગતો બહાર આવી

રાજકોટ, તા. ૧૭

સાયબર ફ્રોડ તો રાજ્યમાં રોજબરોજ થાય છે અને રોજેરોજ લોકો લાખો કરોડો ગુમાવે છે. પણ એક નવતર કિસ્સો અને ચોકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં અસલી બેંક એકાઉન્ટમાં નકલી એપથી બે કરોડ ઓગણીસ લાખનું રોકાણ બતાવી ફ્રોડ આચરાયું છે. આ કારસ્તાનમાં પોલીસે તત્કાળ કાર્યવાહી કરી બે ગઠીયાને દબોચી લેતાં વિશેષ વિગતો બહાર આવી છે.

માહિતી પર નજર કરીએ તો સાયબર સેન્ટર ઑફ એક્સેલન્સ દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૨.૧૯ કરોડના ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડનો ગુનો સામે આવ્યો છે. આ ગુનામાં બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરીને રોકાણ કરેલા રૂ. ૨,૧૯,૦૭,૧૧૪ની રકમ નફા સાથે પરત કરી નહોતી, જેના પગલે એક્શન લેવામાં આવ્યા છે. આ ગુનામાં મોરૈયા ગામના નિતીન બચુભાઈ જાદવ જે એકાઉન્ટ હોલ્ડર છે અને ધંધુકાના બકુલભાઈ નટુભાઈ મકવાણા જે એકાઉન્ટ ફ્રોડ માટે આગળ મોકલનાર છે તેની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસની વિશેષ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આ આરોપીઓએ સહ આરોપીઓ સાથે મળીને માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ પોંડીચેરી ખાતે પણ ખાનગી બેંક ખાતાનો ઉપયોગ કરીને ગુનો આચર્યો હતો, જે બંને ફરિયાદો મળીને કુલ રૂ. ૨,૨૯,૬૫,૦૦૦નો સાયબર ફ્રોડનો ગુનો બને છે. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે આરોપીઓ દ્વારા ફરિયાદીનો સંપર્ક વોટ્સએપ મારફતે કરીને પોતાની ઓળખ કસ્ટમર સર્વિસ કે રજિસ્ટર્ડ કંપનીના બ્રોકર તરીકે આપતા હતા. વિશ્વાસ કેળવવા માટે, તેઓ બનાવટી રજિસ્ટ્રેશન સર્ટીફીકેટ અને લ્ચ્ગ્ત્ના લેટરો મોકલતા હતા. વિશ્વાસ આવે તે માટે ફરિયાદીને કંપનીના વોટ્સએપ ગ્રૂપમાં સામેલ કરાયા હતા, જ્યાં અન્ય સભ્યો નફાના મેસેજ અને સ્ક્રીનશોટ મૂકીને રોકાણ કરવાથી જંગી નફો થવાની ખાતરી આપતા હતા.

ત્યારબાદ, આરોપીઓએ કંપનીની શેર માર્કેટની નકલી ઍપ્લિકેશન ડાઉનલોડ કરાવીને રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ટ્રેડિંગ માટે ફંડ એડ કરવા માટે અલગ-અલગ બેંક ખાતાઓની વિગતો વોટ્સએપ મારફતે મોકલી આપીને રોકાણ કરાવીને ટ્રેડિંગ અને આઈપીઓમાં નાણાં લગાવ્યા. રોકાણ સામે જંગી નફો ઍપ્લિકેશનના વોલેટમાં બતાવવામાં આવ્યો, અને શરુઆતમાં રૂપિયા ૫૭,૮૮૬નું વિડ્રોલ પણ કરાવી આપ્યું, પરંતુ જ્યારે વધુ રૂપિયા વિડ્રોલ કરવાની રિક્વેસ્ટ કરવામાં આવી, ત્યારે આરોપીઓએ ૨૦ ટકા બ્રોકરેજ કમિશન ભરવાની માંગણી કરી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓ સાયબર ક્રાઇમ સિન્ડિકેટ માટે નાણાં સગવગે કરવાના મુખ્ય એજન્ટો તરીકે કાર્ય કરતા હતા.

તેઓ બેં એકાઉન્ટો ખોલાવ-મેળવીને આર્થિક લાભ મેળવતા હતા. તેઓ જાણતા હોવા છતાં કે આ ખાતાઓમાં છેતરપિંડીના રૂપિયા જમા થશે, તેઓ સાયબર ક્રાઇમમાં ભોગ બનેલા નાગરિકોના નાણાં સગવગે કરવા માટે બેંક ખાતાની વિગતો પૂરી પાડતા હતા. આ ખાતાઓમાં જમા થતા સાયબર ફ્રોડના નાણાંનું રોકડમાં રૂપાંતર કરવામાં આવતું હતું. ત્યારબાદ તે નાણાં આંગડીયા, હવાલા તેમજ ક્રિપ્ટો ટ્રાન્જેક્શન જેવા માધ્યમો દ્વારા આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઇમ સિન્ડિકેટના મુખ્ય ગુનેગારોને મોકલી આપીને પોતાનું કમિશન મેળવતા હતા. આ ઉપરથી કહી શકાય કે આ ફ્રોડના તાર આંતરરાષ્ટ્રીય સ્તરે જોડાયેલા છે.



### સસ્તામાં યુએસ ડોલર અને ઇલેક્ટ્રીક સાધનોના નામે પાંચ લાખની છેતરપીંડી

સાયબર ફ્રોડના અન્ય બનાવમાં સસ્તામાં યુએસ ડોલર, રોકાણ પર ઉંચુ વ્યાજ અને સસ્તામાં ઇલેક્ટ્રોનીક આઇટમના નામે પાંચ લાખની ઠગાઇ થઇ છે. વલસાડ શહેરમાં સાયબર છેતરપિંડીનો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. સસ્તા યુ.એસ. ડોલર, ચા વ્યાજ અને સસ્તા ઇલેક્ટ્રોનિક સાધનોની લાલચ આપીને વિવિધ બેંક ખાતાઓ દ્વારા કુલ રૂપિયા ૪.૯૧ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. આ મામલે વલસાડ સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યા હતો. વલસાડ સિટી પોલીસ સ્ટેશનના પીએસાઇ ડેનિશ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ સીઆઇડી ક્રાઈમ, ગુજરાત રાજ્યના સાયબર ક્રાઈમ સેલ તરફથી સમન્વય પોર્ટલ પર મળેલા ઇનપુટના આધારે વલસાડ જિલ્લામાં મ્યુલ બેંક એકાઉન્ટ્સની તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ખ્ર સ્મોલ ફાઇનાન્સ બેંકનું એક શંકાસ્પદ ખાતું મળી આવ્યું હતું. જે હેમંત વાલજીભાઈ સાવરીયા ના નામે હોવાનું બહાર આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આરોપીએ પોતાના, પત્ની અને ભાઈના નામે અલગ-અલગ બેંકોમાં ખાતાઓ ખોલાવ્યા હતા. આ ખાતાઓ દ્વારા વિવિધ રાજ્યોમાંથી થયેલી સાયબર ફરિયાદોમાં કુલ ૪,૯૧,૭૮૩જેટલી રકમ મેળવવામાં આવી હતી. આરોપીએ આ તમામ રકમ ઉપાડી લીધી હતી.

# સોળ વર્ષના ટાબરીયાનું ટુવ્હીલર સ્લીપ થવાથી અને ડમ્પરની ઠોકરે પ્રૌઢનું મોત

### રૂખડીયાપરાનો સગીર આટો મારવા નીકળ્યો અને રેલનગર પાસે કાળ ભેટ્યો
### ચોટીલા પાસે પ્રૌઢ રોડનું કામ કરતાં હતાં ત્યારે જીવલેણ અકસ્માત નડ્યો



રાજકોટ, તા. ૧૭

અપમૃત્યુની ઘટનાઓના સિલસિલામાં એક સોળ વર્ષના તરૂણ અને પંચાવન વર્ષના પ્રૌઢના વાહન અકસ્માતને કારણે મૃત્યુ થયા છે.

વિગતો પર નજર કરીએ તો જંકશન પ્લોટ રૂખડીયાપરામાં રહેતો સોળ વર્ષનો સગીર ટુવ્હીલર લઇ ચક્કર મારવા નીકળતાં ટુવ્હીલર સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થવાથી તેનું મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.રૂખડીયાપરામાં રહેતો રાજદીપ જીતેશભાઇ સોલંકી નામનો સોળ વર્ષનો ટેણીઓ ઘરેથી ટુવ્હીલર લઇને ઘરેથી આટો મારવા જવાનું કહીને નીકળ્યા બાદ રેલનગર પાસે બાઇક સ્લીપ થતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે ખસેડયો હતો. પરંતુ તેનું મોત થતાં પ્ર.નગરના પીએસઆઇ કે. કે. ચાવડાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રાજદીપ બે બહેનનો એકનો એક ભાઇ અને પરિવારનો એક જ દિકરો હતો. તે ફઇ-ફુવા સાથે રહેતો હતો. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજા બનાવમાં ચોટીલા નજીક રાજકોટ-અમદાવાદ હાઇવે પર રોડના કામની સાઇટ પર કામ કરી રહેલા મુળ રાજસ્થાનના અને હાલ સાયલાના વખતપુર ગામે રહેતાં પંચાવન વર્ષના જીવાભાઇ દીતાભાઇ ખરાડીનું ડમ્પરની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થવાથી મોત થતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જીવાભાઇ ખરાડી ગઇકાલે ચોટીલા પાસે રાજકોટ-અમદાવાદનું રોડનું કામ ચાલુ હોઇ ત્યાં મજૂરી કરી રહ્યા હતાં. આ વખતે એક ડમ્પરની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરી હતી. મૃતક ત્રણ ભાઇમાં મોટા હતાં. સંતાનમાં ત્રણ દિકરા અને બે દિકરી છે. બંને બનાવમાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### કોણ કોને કેવી રીતે છેતરે એ નક્કી નથીઃ ગઠીયાઓથી સાવધાન રહો

# ભાગીદારનો દગો : ૬ા કરોડ ‘ઓહિયા’

### બીજી ઘટનામાં એપીકે ફાઇલથી એપ ડાઉનલોડ કરાવડાવી પ્રોડક્ટ ખરીદીના નામે અઢી લાખનો ચૂનો લગાવાયો

રાજકોટ, તા. ૧૭

ફ્રોડની સતત વધી રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક કરોડોની ઠગાઇ સામે આવી છે જેમાં શીપીગ કંપનીના માલીક સાથે સાડા છ કરોડથી વધુની ઠગાઇ થઇ છે. બીજા બનાવમાં એપીકે ફાઇલથી એપ ડાઉનલોડ કરાવી અઢી લાખની ખરીદી કરી લઇ રૂપિયા ન આપી ઠગાઇ કરાઇ હતી.




પ્રથમ ઘટના પર નજર કરીએ તો જામનગરની એક શિપિંગ કંપનીના માલિક સાથે તેના જ ભાગીદારે રૂપિયા ૬ કરોડ ૬૯ લાખની છેતરપિંડી કરી હોવાનું સામે આવતાં ચકચાર મચી ગઇ છે. જામનગરની એક શિપિંગ કંપનીના ભાગીદારે સીટી સી. ડિવિઝન પોલીસ મથકના દ્વાર ખખડાવ્યા છે, અને તેના જ ભાગીદાર સામે રૂપિયા ૬ કરોડ ૬૯ લાખની છેતરપિંડી કરી હોવાનું પોલીસમાં જાહેર કર્યું છે. જામનગરમાં સરૂશેક્શન રોડ પર અંબા વિજય સોસાયટીમાં રહેતા અને વરૂણ શિપિંગ ફર્મ નામની ભાગીદારી પેઢી ચલાવતા રાકેશભાઈ મણીલાલભાઈ બારાઈ નામના વેપારીએ પોતાના જ ભાગીદાર વિજય મનોહરલાલ નારંગ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વધુ માહિતી અનુસાર બંને ભાગીદારો દ્વારા બેંકના વ્યવહાર કરવામાં આવતા હતા, જેની તમામ જવાબદારી આરોપી વિજય નારંગ સંભાળતા હતા, અને ફરિયાદી કે જેઓનો હોટલનો પણ વ્યવસાય હોવાથી તેઓને વધારે પડતા અમદાવાદ, મુંબઈ સહિતના શહેરોમાં જવાનું થતું હોવાથી તેઓની ગેરહાજરીમાં વિજય નારંગે પોતાના જ કર્મચારી અથવા તો તેના મળતીયાઓ એવા બે વ્યક્તિ કલ્પેશ મનસુખભાઈ જડિયા તેમજ પૂજાબેન કલ્પેશભાઈ જડિયા કે તેઓના બેન્ક ખાતા ખોલાવી અને તેમાં કુલ ૬,૬૯,૧૪,૬૦૫ની રકમ જમા કરાવ્યા પછી બારોબાર ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. જે રકમની ઉઘરાણી કરવા જતાં ભાગીદારે ધાકધમકી આપી હોવાથી આખરે મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે. જે મામલે પોલીસ ઇન્સ. એન. બી. ડાભી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ઓનલાઇન ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરાનો આ બનાવ છે. એપીકે ફાઇલ થકી એપ્લિકેશન મોબાઈલમાં ડાઉનલોડ કરાવીને ગઠિયાએ રૂા.૨.૫૦ લાખની વર્ચ્યુઅલ પ્રોડક્ટની ખરીદી કરાવીને રૂપીયા પરત ન આપતા માંજલપુર પોલીસ મથકમાં છેતરપીંડીનો ગુનો નોંધાયો છે. ગોરવા મધુનગર રોડ પર આવેલા આમીનાપાર્કમાં રહેતા ત્રીસ વર્ષિય ઈર્શાદ અહેમદ પઠાણ ફેબ્રીકેશનનું કામકાજ કરે છે. યુવક અને તેના ભાઈ સમસાદ પઠાણને આરોપીઓ એલીસ, જલ્પેશ ભટ્ટ અને જયેશ મકવાણા` એલવીએમએચ એપ્લિકેશનમાં જોડાવવા માટે વોટસએપ મારફતે એપીકે ફાઈલ મોકલી હતી. જે ફાઈલ ડાઉનલોડ કરવા યુઝર આઈડી અને પાસવર્ડ બનાવી આપ્યો હતો.

આ પછી આરોપીઓએ આ એપ્લિકેશન મારફતે પર્ફયુમ અને વીંટી ખરીદવા માટે જણાવ્યું હતું. આ એપ્લિકેશનમાંથી વર્ચ્યુઅલ પ્રોડક્ટ ખરીદવા માટે યુવકે પોતાના કેનેરા બેંકના એકાઉન્ટમાંથી રૂા.૯૭,૬૩૨ નું રોકાણ કરીને વર્ચ્યુઅલ પ્રોડક્ટ ખરીદી હતી. જ્યારે એલીસે મેસેજ કરીને ૪૫ દિવસમાં નફા સાથેની રકમ ખાતામાં જમા થઈ જશે. આ ઉપરાંત ૭૨ થી ૭૬ કલાકમાં રૂા.૧૦૦થી વધુ નફો મળતો હોય છે તે વિડ્રો કરી શકાય છે. જોકે ફરિયાદીએ રૂપીયા વિડ્રો કરવા જતા બેંક પ્રોસેસીંગ લખાઈને આવતું હતુ અને ખાતામાં રૂપીયા પરત આવતા ન હતાં. આમ આરોપીઓએ રૂા.૨.૫૦ લાખની વર્ચ્યુઅલ પ્રોડક્ટ ની ખરીદી કરાવીને રૂપીયા પરત ન આપતા ત્રણેય ગઠિયા વિરૂધ્ધ માંજલપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

### એક મુલાકાત થઇ, પછી ઓળખાણ થઇ અને છેલ્લે થયો વિશ્વાસઘાત

# ચોસઠ લાખ ઉછીના લઇ ઠામુકો થયો ગાયબ

## સુપર માર્ટ ચાલુ કરવાના નામે રકમ લીધી, મોલ ચાલુ પણ કર્યો, પરંતુ થોડા મહિનામાં જ બંધ કરી દીધો અને કહી દીધું હવે પૈસા નથી!

રાજકોટ, તા. ૧૭

ગામ સાથે ગઠીયાગીરી કરનારાઓ ગમે તેમ કરીને પોતાનો ઈરાદો પાર પાડી લેતાં હોય છે. એક કિસ્સામાં સુપર માર્ટ ચાલુ કરવા માટે પરિચીત પાસેથી એક શખ્સે ચોસઠ લાખ હાથ ઉછીના લીધા હતાં. પરંતુ સ્ટોર ચાલુ કર્યા બાદ એકવીસ મહિનામાં જ આ સ્ટોર બંધ કરી તે ગાયબ થઇ ગયો હતો અને ચોસઠ લાખ પણ લેતો ગયો હતો.

ફ્રોડની આ ઘટના પર નજર કરીએ તો આણંદના નડિયાદ-ખંભાત રોડ પર આવેલા પેટલાદ નજીકના એક સુપર સ્ટોર ખાતે રાજસ્થાનના એક શખ્સે કંપનીના નામે રૂપિયા ૬૪ લાખ હાથ ઉછીના લઈ પરત નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ બનાવ અંગે પેટલાદ શહેર પોલીસે છેતરપિંડી આચારનાર રાજસ્થાનના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વડોદરા ખાતે રહેતા મહીપ કુમાર કૃષ્ણકાંત પરીખ વર્ષ ૨૦૨૨થી ંરુપિઝંં માર્ટ હાઇપર માર્ટમાં ડાયરેક્ટર છે. તેમની કંપનીમાં સુપર સ્ટોરને લગતો વેપાર કરવામાં આવે છે. આણંદના શાન એવી ફોર્ચ્યુન મોલ ખાતે કંપનીની ઓફિસ આવેલી છે. તેમજ તેમની સાથે આણંદના દશરથભાઈ દાનાભાઈ પ્રજાપતિ પણ ડાયરેક્ટર છે. રાજસ્થાનના સુમેરપુરની જીપીકે સુપર માર્ટ પ્રા.લી.ના ડાયરેક્ટર વિદેશ કુમાર સાથે દશરથભાઈ પ્રજાપતિનો સંપર્ક થતા વિદેશ કુમારે આણંદ ખાતે જીપીકે સુપર માર્ટ ચાલુ કરવાની વાત કરી હતી.

જેથી પેટલાદ ખાતે આવેલી તેઓની જગ્યામાં સુપર સ્ટોર ચાલુ કરવાનું નક્કી થયું હતું અને રાજસ્થાનમાં જે રીતે જીપીકે સ્ટોર ચાલુ છે તે મુજબ જ પેટલાદમાં પણ સ્ટોર ચાલુ કરવાનું નક્કી કરી એમપીડીસી ટ્રેડલિંગ એલએલપી નામની કંપનીના નામ ઉપર ભાડા કરાર કરી વેપાર શરૂ કર્યો હતો. ત્યારબાદ વિદેશ કુમારે રાજસ્થાનથી પેટલાદ સુધી વેપાર કરવા માટે ઉછીના નાણાંની માગણી કરી હતી અને થોડા સમય બાદ પરત આપી દેવા કહ્યું હતું. જેથી મહીપ કુમારે અલગ અલગ સમયે કુલ રૂપિયા ૬૪ લાખ વિદેશ કુમારની જીપીકે સુપર માર્ટ બજાર -ા.લી.ના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. પેટલાદ ખાતે સ્ટોર ચાલુ થયા બાદ લગભગ ૨૧ માસ સુધી સ્ટોર ચાલુ રાખ્યા બાદ બંધ કરી દેવામાં આવી હતી.




### દંપતિને ડીજીટલ એરેસ્ટ કરી સાડા અગીયાર કરોડ પડાવી લેવાના કેસમાં વધુ એક ગઠીયો પકડાયો

જેથી ઉછીના લીધેલ રૂપિયા ચોસઠ લાખ પરત આપવાનું કહેતા વિદેશકુમારે અવારનવાર વાયદાઓ કર્યા હતા અને નાણાંની માંગણી કરવા છતાં વિદેશ કુમારે નાણાં પરત ન આપતા આખરે મહીપ કુમાર પરીખે પેટલાદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિદેશ કુમાર પ્રભુરામ સામે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ રવામાં આવી હતી.

અન્ય એક બનાવમાં અમદાવાદમાં રહેતા નિવૃત્ત મહિલા પ્રોફેસર અને પતિને ત્ર્યાંસી દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ રાખીને રૂ.૧૧.૪૨ કરોડ પડાવી લેનાર એક આરોપી પકડાયો છે. જેમાં વૃદ્ધ દંપતીને ટ્રાઈ, સીબીઆઈ, આરબીઆઈ, ફેમા, સેબી અને રોના અધિકારી તરીકે ઓળખાણ આપી મની લોન્ડરિંગ, હવાલા અને આતંકવાદી -વૃત્તિના કેસો થયા હોવાનું કહીને ડરાવી રાખ્યા હતા. અગાઉ પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે હાલમાં પકડાયેલા આરોપીએ પૈસા જુદા જુદા વોલેટમાં ટ્રાન્સફર કરીને વિદેશ મોકલ્યા હતા. વૃદ્ધ દંપતીને ૮૩ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ રાખીને એફડી, પીપીએફમાંથી પૈસા ટ્રાન્સફર કરાવીને રૂ.૧૧.૪૨ કરોડ પડાવી લેવાની ઘટનામાં સાઈબર સેન્ટર ઓફ એકિસન્સે અગાઉ ૩ આરોપીની ધરપકડ કરી હતી. જેમાં કશ્યપ બોલાણી, દિનેશ લીંબાચીયા અને ધવલ મેવાડાનો સમાવેશ થાય છે.

પોલીસ સુત્રોના કહેવા મુજબ આરોપીઓએ વિશ્વા ગ્લોબલ ચેરિટેબલ ટ્રસ્ટના નામે બેંક એકાઉન્ટ ખોલાવ્યું હતું. જેમાં ડિજિટલ અરેસ્ટના પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જ્યારે આ પૈસા હવાલા- આંગડિયા અને જુદા જુદા વોલેટ મારફતે દુબઈ -મ્યાનમાર અને કમ્બોડિયા મોકલવામાં આવ્યા હતા. આ પૈસા ટ્રાન્સફર કરનાર અશોકકુમાર સાંખલાની પોલીસે ધરપકડ કરી હતી. ગ્લોબલ ચેરિટેબલ ટ્રસ્ટના બેંક એકાઉન્ટ સામે દેશભરમાં ૧૧ ફરિયાદ દાખલ થઈ હતી. જેમાં છેતરપિંડીની રકમ રૂ.૧૮.૫૫ કરોડ હતી. તે પૈસામાંથી રૂ.૩.૧૫ કરોડ અશોકકુમારે તેના માણસ જોડે મુંબઈ મોકલાવ્યા હતા અને ત્યાંથી બેંકમાં જમા કરાવ્યા હતા. વધુ તપાસમાં સુત્રધાર સુધી પહોંચવાની કડી મળવાની પોલીસને આશા છે.

ગામનું કરી જ નાંખવું છે એને કોઇની શરમ નડતી નથીઃ નવા બે કિસ્સા

# લોનના નામે અગીયાર જણા ખાઇ ગયા સવા કરોડ

## ફાયનાન્સ કંપનીમાં લોન માટે જે દસ્તાવેજો રજૂ કર્યા હતાં તે મુજબની કોઇ મિલ્કતો જ નહોતીઃ બીજી ઘટનામાં શેર બજારમાં કમાણીના નામે વૃધ્ધને લાગ્યો ત્રણ કરોડનો ચૂનો

રાજકોટ, તા. ૧૭

જે લોકોને ગામના ગરીયા જ ફેરવવા હોય તેને કોઇ મોંઘવારી કે બીજી તકલીફો નડતી નથી. વધુ એક કિસ્સામાં અગીયાર લોકોએ સાથે મળીને ફાયનાન્સ કંપનીનું કરી નાંખ્યું છે. આ લોકોએ એક કરોડ વીસ લાખની લોન મેળવી લીધા બાદ હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. કંપનીએ તપાસ કરતાં લોન માટે રજૂ કરાયેલા દસ્તાવેજો ડોક્યુમેન્ટ પણ ખોટા નીકળતાં તમામ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

વિગતો જોઇએ તો ફ્રોડની આ ઘટના અમદાવાદની છે. અહિના આશ્રમ રોડ પર આવેલી સન વેસ્ટ બેન્કની આઈ.કે. એફ ફાઇનાન્સ લિમિટેડ કંપની સાથે ૧૧ જેટલા લોકોએ છેતરપિંડી આચરી છે. ફાઇનાન્સ કંપની પાસેથી ૧૧ લોકોએ કુલ ૧.૨૦ કરોડની લોન લીધી હતી. થોડા સમય સુધી લોનના હપ્તા ભર્યા બાકીના હપ્તા ભરવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. જેથી ફાઇનાન્સ કંપની દ્વારા લોનની ભરપાઈ કરવા માટે જણાવવામાં આવ્યું હતું. તેમજ જો લોનની ભરપાઈ નહીં કરાય તો મિલ્કત જપ્તી કરવાની કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી હતી. છતાં પણ લોનની ભરપાઈ કરવામાં ન આવતા ડોક્યુમેન્ટ ચકાસણી કરતા મિલકતમાં દસ્તાવેજ માટે ખોટા શેર સર્ટિફિકેટ અને સ્ટેમ્પ ડ્યુટીનો લેટર ખોટી રીતે મેળવ્યો હોવાનું સામે આવતા નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ૧૧ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

વધુ માહિતી અનુસાર ફાઇનાન્સ કંપનીમાંથી કિઆર ક્રિએશન નામની કપડાની શોપના માલિક હિતેશ રવિ કોડવાની અને અન્ય લોકોને ૪૦ લાખની લોન આપવામાં આવી હતી. જેમને સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી રેગ્યુલર હપ્તા ભરેલા હતા. જે બાદ અચાનક હપ્તા ભરવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. જેથી એકાઉન્ટ એન.પી.એ. ડિક્લેર કરવામાં આવેલા હતા. ફાઇનાન્સ કંપની દ્વાર કલેક્શન ટીમને કીઆરા ક્રિએશનની શોપ કે જે રેવડી બજારમાં આવેલી છે ત્યાં મોકલવામાં આવી હતી. જ્યાં કીઆરા ક્રિએશનના માલિક ભાવિક કોડવાની હાજર હતો. જેથી તેને લોનની ભરપાઈ કરવા માટે જણાવવામાં આવ્યું હતું. લોન નહીં ભરે તો જે મિલકત માર્ગેજ કરી લોન મેળવેલ છે તે મિલકતની જપ્તી કરવાની કાર્યવાહીની ચીમકી આપવામાં આવી હતી.




આ દરમિયાન ભાવેશ કોડવાનીએ જણાવ્યું હતું કે લોન માટે માર્ગેજ કરેલ તેવી કોઈ મિલકત ધરાવતા જ નથી એટલે મિલકત જપ્ત કરી શકતા હોવ તો કરી લો. ત્યારે બાદ ફાઇનાન્સ કંપની દ્વારા તપાસ કરતા કંપની તરફથી જે મિલકત પર ચાલીસ લાખની લોન લેવામાં આવી હતી. જે મિલકત પર માર્ગેજ લોન આપવામાં આવી હતી તેવી કોઈ મિલકત સ્થળ પર ન હોવાનું સામે આવ્યું હતું. તેમજ મિલકતનો શેર સર્ટિફિકેટ બોગસ હોવાનું પણ સામે આવ્યું હતું. મિલકત પર લોન બોગસ ડોક્યુમેન્ટના આધારે લેવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો હતો. જેથી કંપની દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

જેમાં શેર સર્ટિફિકેટ અમે એલોટમેન્ટ લેટર અને પઝેશન લેટર રજૂ કરેલ જે ડેપ્યુટી કલેક્ટરનો ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીનો લેટર ખોટી રીતે મેળવી રજૂ કરવામાં આવ્યો હતો. આ પછી કુલ ૧.૨૦ કરોડની લોન બોગસ ડોક્યુમેન્ટના આધારે લેવામાં આવી હતી. જે બાદ લોનના હપ્તાની ભરપાઈ કરવાનું બંધ કરી છેતરપિંડી આચરી છે. જેથી દીપક આહુજા, હિતેશ કોડવાની, ભાવેશ કોડવાની, સીમા કોડવાની, ભાવેશ બલાની, સુનિતા બલાની, નિર્મલ બલાની, હેમંત લખવાની, રોમા લખવાની, આનંદ પટેલ, નશીમ ખાન સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવે છે. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

બીજી ઘટના જોઇએ તો વાપીના વૃધ્ધને રોકાણ પર નફાથી લાલચ દઇ ત્રણ કરોડનો ડામ દઇ દેવાયો હતો. વિગતો અનુસાર વાપી જીઆઇડીસીમાં કેમીકલ ફેક્ટરી ધરાવતા ૬૬ વર્ષી ય જગદીશભાઇ પરમારે ગાંધીનગર સીઆઇડી ક્રાઇમમાં નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે ચાર મહિના પહેલા તેમને ફેસબુક મહેક નામના યુવતીની ફ્રેન્ડશીપ રીક્વેસ્ટ આવી હતી. યુવતીએ પોતાની ઓળખ ફેશનડીઝાઇનર તરીકે આપીને મુંબઇમાં રહેતી હોવાનું જણાવ્યું હતું. થોડા દિવસ તેણે જગદીશભાઇ સાથે મેસેજથી વાત કરી હતી. તેણે ઓનલાઇન સ્ટોર પર દરરોજ જરિયાતની ચીજવસ્તુઓનું વેચાણ કરીને અનેકગણો નફો મળતો હોવાની વાત કરી હતી. જેથી વિશ્વાસ કરીને જગદીશભાઇએ અલગ અલગ સમયે કુલ ૩. ૦૪ કરોડનુ રોકાણ કર્યું હતું. આ રોકાણની સામે તેમને પાંચ કરોડનો નફો બતાવવામાં આવ્યો હતો. કોઈ કારણસર તેમને સ્ટોર બંધ કરવાનો હોવાથી મહેકને કહેતા તેણે નફો ઉપાડવાના સામે ૪૩ લાખ પ્રોસેસીંગ ફી માંગી હતી. ત્યારબાદ અચાનક જગદીશભાઇનું આઇડી ફ્રીઝ કરીને તેમના મોબાઇલ નંબર બ્લોક કરી દીધા હતા. આ અંગે સીઆઇડી ક્રાઇમે ગુનો નોંધીને ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શ કરી છે.

# રિક્ષામાં સિત્તેર હજારનો વિદેશી દારૂ ભરીને નીકળેલો રોહિત પકડાયો

## ઢેબર રોડ રાજકમલ ફાટક પાસે શ્રીનાથજી સોસાયટીના શખ્સને પીસીબીની ટીમે પકડી લીધો



રાજકોટ, તા. ૧૭

આગામી એકત્રીસમી ડીસેમ્બરને ધ્યાને રાખી પોલીસ દારૂની હેરાફેરીને સદંતર બંધ કરાવવા પ્રયાસ કરી રહી છે. આ વચ્ચે વધુ એક વખત પીસીબીની ટીમે દારૂની હેરાફેરી પકડી પાડી છે. ઢેબર રોડ રાજકમલ ફાટક પાસેથી રિક્ષામાં દારૂનો જથ્થો ભરીને નીકળેલા શખ્સને પકડી લેવાયો હતો. આ રિક્ષામાંથી અડસઠ હજારનો વિદેશી દારૂ મળતા જપ્ત કરી ચાલકને દબોચી લેવાયો હતો.

માહિતી જોઇએ તો પીસીબીની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કરણભાઇ મારૂ અને કોન્સ. યુવરાજસિંહ રાણાને બાતમી મળતાં રાજકમલ ફાટક પાસે વોચ રાખી જીજે૧૧યુયુ-૨૨૪૩ નંબરની બજાજ મેક્સી રિક્ષા આંતરી લેવાઇ હતી. તેમાં તપાસ કરતાં અંદરથી ૧૮૦ એમએલના ઓકસ્મીથ બ્લેન્ડેડ વ્હીસ્કીની ૩૩૬ બોટલો રૂા. ૩૩૬૦૦ની તેમજ બ્લેક ડોગ સ્કોચ વ્હીસ્કીની ૧૮૦ એમએલની ૪૮ બોટલો રૂા. ૩૪૫૬૦ની મળી આવી હતી. પોલીસે રિક્ષાચાલકની પુછતાછ કરતાં પોતાનું નામ રોહિત રાજેશભાઇ બાબરીયા જણાવ્યું હતું.

પચ્ચીસ વર્ષનો આ શખ્સ મવડી પ્લોટ શ્રીનાથજી સોસાયટી શેરી નં. ૩માં રહે છે. તેની પાસેથી ૬૮૧૬૦નો ૩૮૪ બોટલ દારૂ, રિક્ષા, ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અંતર્ગત ઇન્સ. એમ.આર. ગોડલીયા, ઇન્સ. એમ. જે. હુણ, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, એએસઆઇ સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગોસ્વામી, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કલોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી અને હિરેન્દ્રસિંહ પરમારે આ કામગીરી કરી હતી. પોલીસે દારૂ સપ્લાય કરનારની માહિતી પણ મળી ગઇ હોઇ તેને ઝડપી લેવા તજવીજ થઇ રહી છે.

હૃદય ધબકારા ચુકી જવાથી, બંધ પડી જવાથી મૃત્યુની વધુ ત્રણ કરૂણ ઘટના

# મહિલા તબીબ, રેલ કર્મચારીની જિંદગીની સફર ઓચિંતી ખતમ

## તેત્રીસ વર્ષના ડોક્ટરને તાવ આવ્યા બાદ સારવારમાં મૃત્યુઃ પંચાવન વર્ષના રેલ કર્મચારી મહિલા અને પંચાસ વર્ષના પ્રૌઢના દિલની દગાખોરીને કારણે જીવ ગયાઃ સ્વજનોમાં શોક

રાજકોટ, તા. ૧૭

હૃદયના ધબકારા અચાનક બંધ પડી જવાને કારણે, હૃદય રોગના હુમલા આવી જવાને કારણે મૃત્યુની ઘટનાઓ સતત વધી ગઇ છે. વયોવૃધ્ધની સાથે સાથે યુવાનો અને ક્યારેક સગીર વયના છોકરા છોકરીઓના પણ મૃત્યુ થઇ જતાં હોય છે. આવી વધુ ત્રણ ઘટના બની ગઇ છે જે પરિવારજનો આઘાત આપી ગઇ છે અને લોકોને ચોંકાવી ગઇ છે. એક બનાવમાં મહિલા મેડીકલ ઓફિસર-તબિબનું તાવ આવ્યા બાદ સારવાર વખતે હૃદયના ધબકારા બંધ પડી જવાને કારણે મૃત્યુ થયું હતું. તો બીજા બનાવમાં મહિલા રેલ્વેકર્મચારી અને ત્રીજા બનાવમાં એક પરિવારના પ્રૌઢ વયના સદસ્યના હાર્ટએટેકને કારણે મૃત્યુ થયા છે.



વિગતો પર નજર કરીએ તો દોઢસો રીંગ રોડ વાવડી મટુકી રેસ્ટોરન્ટ સામે સત્ય હીલ્સ ખાતે રહેતા ડોક્ટર ટ્વીંકલબેન ગોબરભાઇ કોરાટ નામના ત્રેત્રીસ વર્ષના મહિલા તબિબ ગઇકાલે ઘરે હતાં ત્યારે તબીયત બગડતાં જાતે જ ટુવ્હીલર હંકારી પોતે બેકબોન હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે નોકરી કરતાં હોઇ ત્યાં સારવાર માટે ગયા હતાં. જો કે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ડો. ટ્વીંકલબેનના માતા-પિતા સહિતના પરિવારજનો જુનાગઢ રહે છે. પોતે રાજકોટ ભાઇ સાથે રહેતાં હતાં. એકાદ બે દિવસથી તેમને તાવ આવતો હતો. ગઇકાલે અચાનક તબીયત બગડતાં સારવાર માટે પહોંચ્યા હતાં.

પરંતુ ત્યારે હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયાનું તારણ નીકળ્યું હતું. તેણી ત્રણ બહેન અને એક ભાઇમાં વચેટ હતાં. બનાવથી કોરાટ પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ નિલેષભાઇ ચાવડાએ આકસ્મિક મૃત્યુની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

જ્યારે હૃદય રોગના હુમલાના બે બનાવો જોઇએ તો નાના મવા રોડ રાજનગર ચોક પાસે જયશક્તિ સોસાયટીમાં રહેતાં પંચાવન વર્ષના રંજનબેન મનસુખભાઇ સારેસા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયુ હતું. રંજનબેનના પતિ હયાત નથી. સંતાનમાં ત્રણ દિકરા છે. પોતે રેલ્વેમાં આરએસી વિભાગમાં નોકરી કરતાં હતાં. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

આવી જ રીતે ત્રીજા બનાવમાં ગોંડલ રોડ પુનીતનગર-૫માં રહેતાં પચાસ વર્ષના રસિકભાઇ નરસીભાઇ ભીમાણી ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તે ચાર બહેન અને બે ભાઇમાં વચેટ હતાં. છુટાછેડા થઇ ગયા હોઇ તેઓ એકલા રહેતાં હતાં. ઉપરના મકાનમાં તેમના ભાઇ રહે છે. તે સાંજે ઘરે આવ્યા ત્યારે દરવાજો ખુલ્લો હોઇ જોવા જતાં રસિકભાઇ બેભાન મળતાં હોસ્પિટલે ખસેડ્યા હતાં. પરંતુ તબિબે મૃત જાહેર કર્યા હતાં. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. આ બંને બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં માલવીયાનગર અને તાલુકા પોલીસે એકસીડેન્ટલ ડેથની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી હતી. આ ઘટનાઓમાં સ્વજનો ગુમાવનારા પરિવારોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. ચોટલી... વાહન અકસ્માતની બે ઘટનામાં બે પરિવારે ગુમાવ્યા સ્વજન.

આ પ્રકારની ઘટનાઓ રોજેરોજ બને છે છતાં ફસાઇ જાય છે લોકો

# નિવૃત બેંક અધિકારીના પોણો કરોડ ઉસેડી લેવાયા

## શેર બજારમાં રોકાણ પર ફાયદાની લાલચ આપી શરૂઆતમાં નફો અપાયો, પછી રૂપિયા ઉપાડવા હોય તો વધુ એકવીસ લાખ મંગાયા ત્યારે ફ્રોડની ખબર પડી હતી

રાજકોટ, તા. ૧૭

શેર બજારમાં રોકાણ કરીને કમાણી કરી શકાય છે, અનેક લોકો જાણકારો પાસેથી ટીપ્સ મેળવીને જોખમ વગર શેર બજારમાં રોકાણ કરે છે અને નફો રળે છે. પરંતુ હાલમાં ઓનલાઇન આવતી જાહેરાતો, એપ અને લિંકમાં રોકાણના નામે કમાણીને બદલે ગઠીયાઓ કારસ્તાન કરી લોકોના બેંક ખાતા ખાલીખમ્મ કરી રહ્યા છે. વધુ એક કિસ્સામાં બેંકના નિવૃત અધિકારીને આ રીતે શેર બજારમાં કમાણીની લાલચ આપી પોણો કરોડનો ચૂનો લગાડવી દેવાયો છે. સાયબર ગઠીયાઓએ શરૂઆતમાં તેમને નફો આપી વિશ્વાસ જીત્યો હતો. પછી રોકાણ પર મોટો નફો દેખાડાયો હતો. પરંતુ આ એપમાંથી રૂપિયા વીડ્રો કરવાનો પ્રયાસ કરતાં વધુ એકવીસ લાખ માંગવામાં આવ્યા ત્યારે છેતરાયાની જાણ થઇ હતી.

વિગતો જોઇએ તો અમદાવાદમાં ફરી એકવાર વૃદ્ધ સાથે સાયબર ફ્રોડની ઘટના બની છે. શેરબજારમાં રોકાણ કરાવીને ઊંચા વળતરની લાલચ આપીને એક નિવૃત્ત બેંક અધિકારી પાસેથી રૂપિયા ૭૫ લાખથી વધુની રકમ પડાવી લેવામાં આવી છે. સાયબર ઠગે ફેસબુક અને વોટ્સએપ દ્વારા વિશ્વાસ કેળવીને એપ્લિકેશન ડાઉનલોડ કરાવી છેતરપિંડી કરી છે. જ્યારે નિવૃત્ત અધિકારીએ પોતાના નફાના રૂપિયા પાછા માંગ્યા, ત્યારે આરોપીઓએ તેમને ૨૧ લાખથી વધુની સર્વિસ ફીની માંગણી કરી હતી. જે બાદ છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ નારણપુરા વિસ્તારમાં રહેતા બોંતેર વર્ષીય શ્રેણીક શાહ બેંક ઓફ બરોડાની ભદ્ર બ્રાન્ચમાંથી એ.જી.એમ. તરીકે નિવૃત્ત થયા છે. વૃદ્ધના ફેસબુક પર એક મેસેજ આવ્યો હતો. જેમાં તેમને શેરબજારમાં સલાહ મુજબ રોકાણ કરવાથી મોટો ફાયદો થવાની લાલચ આપવામાં આવી હતી. વાતચીતમાં વિશ્વાસમાં રાખી વૃદ્ધને એનએચએનઆઇ પ્લસ નામના વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા. જેની એડમિન આરોહી નાબુંદરી નામની વ્યક્તિ હતી. ત્યાર બાદ તેમને આરએઆરસી-ટુ નામના બીજા ગ્રુપમાં એડ કરીને અદવીકા શર્મા દ્વારા એનએચએનઆઇ પ્લસ અને આરએઆરસી-ટુ એપ્લિકેશનો ડાઉનલોડ કરાવીને શેર માર્કેટ અને ત્ભ્બ્માં રોકાણ કરવાની લાલચ આપવામાં આવી હતી. સાયબર ઠગોએ




શરૂઆતમાં વૃદ્ધને નાનો નફો કરાવીને વિશ્વાસ જીત્યો હતો. જેમાં પહેલાં રોકાણ પર તેમને રૂપિયા ૨,૨૨૭.૫૦નો નફો થયો હતો. આ પછી ૨૪ જેટલા શેર ખરીદ-વેચાણ કરવામાં આવ્યા હતા.

જેમાં મોટાભાગે નફો બતાવવામાં આવ્યો હતો અને એક લાખ રૂપિયા તેમના ખાતામાં જમા પણ કરવામાં આવ્યા હતા. જેથી વૃદ્ધને સાયબર ઠગ પર પૂરેપૂરો વિશ્વાસ આવી ગયો હતો. આમ વિશ્વાસ વધ્યા બાદ વૃદ્ધે સાયબર ઠગ દ્વારા અપાયેલા જુદા જુદા બેંક ખાતાઓમાં પોતાના ઓવર ડ્રાટ એકાઉન્ટમાંથી રૂપિયા ૭૫,૧૮,૦૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા. આ પછી વૃદ્ધે એપ્લિકેશનમાં બતાવેલા નફા સહિતના ૧૫,૦૦,૦૦૦ પાછા ખેંચવાનો પ્રયત્ન કર્યો ત્યારે સાયબર ઠગે રૂપિયા પાછા આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. આ દરમિયાન સાયબર ઠગે કહ્યું હતું કે, આ રકમ આઈપીઓ સામે એડજસ્ટ કરવામાં આવી છે અને જો રોકાયેલા રૂપિયા પાછા લેવા હોય તો સર્વિસ ફી પેટે રૂપિયા ૨૧,૦૧,૭૪૦.૪૪ ની રકમ ચૂકવવી પડશે. ત્યારબાદ વૃદ્ધને તેમની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી જેથી વૃદ્ધે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે.

બીજી તરફ હાલમાં દેશભરમાં ઓપરેશન મ્યુલ હન્ટ હેઠળ સાયબર ફ્રોડના નાણા સગેવગે કરવા સબબ પોલીસે હાથ ધરેલી કાર્યવાહીમાં મોરબી, લાઠી, બગસરા તથા ગોંડલમાં ગુના નોંધાયા છે. સાયબર ફ્રોડની ૮૧.૪૨ લાખની રકમ સગેવગે કરનારા ૧૨ શખ્સો સામે ગુના દાખલ કરાયા છે. મોરબી સાયબર ક્રાઇમ પોલીસે આરોપીઓ સાહિદ સુભાન મુલતાની, વિરલ હિંમત ઇસલાણીયા, દીપેશ હિંમત ઇસલાણીયા જે ત્રણેય મોરબીના છે તથા સમીર બદીયાણી રાજકોટનો છે સામે સાયબર ફ્રોડની રૂ ૯૦૮૭૮૫ ની રકમ સગેવગે કરવા બદલ ફરિયાદ નોંધાવતા મોરબી એ-ડિવિઝન પોલીસે આરોપી સાહીદ મુલતાનીને ઝડપી લીધો છે.

જ્યારે મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં સાયબર ફ્રોડના રૂ ૨૦૧૧૨૦ સગેવગે કરવા બદલ આરોપીઓ વસંત જેરામભાઇ વાઘેલા, લાલજી શામજીભાઇ દેગામા, રવિભાઇ ગઢવી તથા ગોપાલભાઇ ઉપસરીયા જે બધા મોરબી રહે છે તેની સામે ફરિયાદ નોંધાવાઇ છે. લાઠીના જાનબાઇ દેરડી ગામે રહેતા સુરેશભાઇ મુળજીભાઇ વાછાણી સામે તેના બેંક ખાતા થકી સાયબર ફ્રોડની ૨૬.૪૪ લાખની રકમ સગેવગે કરવા અંગેની ફરિયાદ લાઠી પોલીસમાં નોંધાવાઇ છે. જ્યારે સાવરકુંડલામાં રહેતા સરફરાજભાઇ સાજીદભાઇ મલાદા સામે સાયબર ફ્રોડની ૨૮.૧૬ લાખની રકમ સગેવગે કર્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ છે. ગોંડલમાં ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત સાયબર ફ્રોડના રૂ ૧૫૭૧૫૨૫ ની રકમ સગેવગે કરવા બદલ વિશાલભાઇ પરસોતમભાઇ ડાભી તથા ધાર્મિકભાઇ દિલીપભાઇ ચૌહાણ સામે બી-ડિવિઝન પોલીસ દ્વારા ગુનો દાખલ થતાં તપાસ શરૂ થઇ છે.

### જંત્રી મુદ્દે મહેસુલ વિભાગ સંભાળતા મુખ્યમંત્રી વધુ સમય દ્વીધાભરી સ્થિતિ નહી રાખવા નિર્ણય

# જાન્યુઆરીમાં લાગુ થઈ શકે છે નવો જંત્રીદર

## અનેક વાંધાસૂચનો લીધા બાદ વીત્યો ખાસો સમય, આગામી સમયને ધ્યાનમાં રાખી લેવાશે નિર્ણય

રાજકોટ, તા. ૧૭

છેલ્લા ઘણા સમયથી જંત્રીને લઈ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે કે નવી જંત્રી દર ક્યારે લાગુ થશે ત્યારે જમીનના સરકારી ભાવ નિશ્ચિત કરતી જંત્રીમાં જે નવી આકારણી બાદ ઉંચાદર ની જંત્રીના સામે ભારે વિરોધ સર્જાયો હતો અને સરકારે નવી જંત્રીની અમલવારી મુલતવી રાખી હતી જેને એક વર્ષ પૂર્ણ થઈ ગયું હોવાનું પણ જણાઈ રહ્યું છે. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા જંત્રીની આકરણી અને સુધારા વધારા કરવા માટે સૂચનો પણ માંગવામાં આવ્યા હતા જે બાદ અંતિમ નિર્ણય માટેની ફાઈલ મુખ્યમંત્રીને આપવામાં આવી હતી જે અંગેનો નિર્ણય હજી સુધી આવ્યો નથી. હાલ સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તે જોતા એ વાત સ્પષ્ટ છે કે હાલ આ બાબતે નિર્ણય લેવાઈ ગયો છે અને આગામી મહિનાથી એટલે કે નવા વર્ષમાં જંત્રી દર લાગુ કરવામાં આવે તો નવાઈ નહીં. અગાઉ સરકાર દ્વારા જે દર નક્કી કરવામાં આવ્યા હતા તેમાં ઘણો વિરોધ ઉઠ્યો હતો જેના કારણે નવી જંત્રી દરને સ્થગિત કરવામાં આવી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જંત્રીદાર લાગુ કરવા માટે વાંધા સૂચનો માંગવામાં આવ્યા હતા જેથી એ વાત સ્પષ્ટ હતી કે લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે અને બીજો પ્રશ્ન એ હતો કે બિલ્ડર એસોસિએશન દ્વારા પણ સરકાર દ્વારા નિર્ધારિત થયેલી જંત્રી દરને લાગુ ન કરવા માટે જણાવ્યું હતું. હવે સરકાર કેટલો જંત્રીદર નક્કી કરે છે તે જોવાનું રહ્યું અને દરેકની મીટ આ નિર્ણય ઉપર જ મંડાયેલી છે.

હવે સરકાર અને ખાસ કરીને મહેસુલ વિભાગ સંભાળતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વધુ સમય દ્વીધાભરી સ્થિતિ નહી રાખવા નિર્ણય કર્યો છે. એક વખત નવી સુધારેલી જંત્રી અમલમાં મુકાશે એટલે ફરી એક વખત



જમીનના ભાવ વધી જશે તે નિશ્ચિત છે પણ લાંબાગાળા સુધી અનિશ્ચિતતાની સ્થિતિ રાખવી તે મહત્વના રીયલ એસ્ટેટ ક્ષેત્રને માટે પણ નકારાત્મક બની શકે છે અને જયારે હવે ઈન્ફ્રાસ્ટ્રકચરના મોટા પ્રોજેકટ હાથ ધરવાના છે તે સમયે આ પ્રકારની અનિશ્ચિતતા યોગ્ય નથી. નવી સુધારેલી જંત્રી આગામી બજેટ પુર્વે અમલમાં આવી જશે.

જંત્રીદાર મામલે ભૂતકાળમાં પણ અનેકવિધ અટકડો ચાલી હતી અને રાજ્ય સરકાર સમક્ષ આ નિર્ણયને મુલતવી રાખવા માટે પણ જણાવ્યો હતો જેને ખાસો સમય થઈ જતા હવે આ બાબત ઉપર ગંભીરતા પૂર્વક વિચાર કરતા જંત્રીદારની અમલવારી તાકીદે કરવા હાલ નિર્ણય લેવામાં આવ્યું હોવાનું જાણકાર સૂત્રો જણાવી રહ્યા છે. બીજી તરફ આગામી સમયમાં ગુજરાતમાં કોમનવેલ્થ ગેમ્સનું પણ આયોજન થવાનું છે ત્યારે આ જંત્રીદાર વહેલા લાગુ કરવો ખૂબ જરૂરી છે ત્યારે નવા વર્ષની શરૂઆતમાં જ સરકાર જંત્રીદાર લાગુ કરી દે તેવું જણાઈ રહ્યું છે.

ખાસ કરીને બાંધકામના પ્રકાર, ખુલ્લા પ્લોટ, આરસીસી સ્ટ્રકચર, વજન આધારિત સ્ટ્રકચર તથા ઔદ્યોગીક એડ વિ અંગે ખાસ જોગવાઈ હશે. આ ઉપરાંત મહાપાલિકાની હદ મર્યાદા, અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી, નગરપાલિકા, સ્પેશ્યલ ઈન્ડસ્ટ્રીયલ રીજયોન અને અન્ય જાહેર થયેલા ઝોન પણ નવા દરમાં ખાસ મહત્વ ધરાવતા હશે. શહેરી ઓથોરિટીની બહારના ગ્રામીણ ક્ષેત્રો માટે પણ ત્યાં વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર વિ.ની દ્રષ્ટિએ ભાવ નકકી થશે. કોમર્શિયલ ઝોન, મિલ્કતો આસપાસના ખાલી પ્લોટ, કાર પાર્કીંગ, કૃષી જમીનને બિનખેતીમાં ફેરવવા અને શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓ, ધર્મશાળા, હોટેલો, હોસ્ટેલ વિ. શહેરી-ગ્રામીણ ક્ષેત્રમાં સ્થિત છે તે મુજબ ભાવ નકકી થશે.

# રાજકોટ વાઈબ્રન્ટ કોન્ફરન્સની તૈયારીઓની સમીક્ષા કરતા CM

## સરકારી યોજનાઓના લાભ કોઈ પણ પ્રકારના વિલંબ વગર લાભાર્થીને મળે તે માટેની વ્યવસ્થા કરાશે ઉભી

રાજકોટ, તા. ૧૭

વાઈબ્રન્ટ રાજકોટ કોન્ફરન્સ અંગે હાલ તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશ-વિદેશના ટોચના ઉદ્યોગકારો આ કોન્ફરન્સમાં સહભાગી થશે જેથી કોઈપણ પ્રકારની કચાશ ન રહી જાય તે માટેની ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે અને સ્થાનિક પ્રશાસન દ્વારા તૈયારીઓ પૂરપાટ શરૂ કરી દેવાય છે મળતી માહિતી મુજબ ગઈકાલે મળેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ તમામ કામગીરીઓની સમીક્ષા કરી હતી અને વાઈબ્રન્ટ અંગે જરૂર માર્ગદર્શન આપ્યું હતું.




મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોનું હિત અને સર્વાંગી વિકાસ એ ગુજરાત સરકારની કાર્યશૈલીના કેન્દ્રમાં છે, તેમ જણાવતાં પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના હિતમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવે છે. આ જાહેરાતો અને નિર્ણયોનો લાભ રાજ્યના છેવાડાના નાગરીક સુધી સુયોગ્ય રીતે પહોંચે તેની ખાતરી કરવાની જવાબદારી વહીવટી તંત્રની છે. સરકાર દ્વારા લેવાતા દરેક પ્રજાલક્ષી નિર્ણયો અને દરેક યોજનાનું સત્વરે અમલીકરણ થાય તે માટે મુખ્યમંત્રીએ કેબિનેટ બેઠકમાં સૂચના આપી છે. આ ઉપરાંત કોઈપણ પ્રજાલક્ષી નિર્ણય બાદ તેમાં કોઈપણ પ્રકારના વિલંબ વગર ત્વરિત અમલીકરણ કરવા પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત આગામી ૧૦ જાન્યુઆરીથી રાજકોટ ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટ અંગે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી તમામ તૈયારીઓ અને આયોજનની મુખ્યમંત્રીએ તલસ્પર્શી માહિતી મેળવીને સમીક્ષા કરી હતી. સાથે જ તેમણે, આ સમિટને વધુ સાર્થક બનાવી સામાન્ય નાગરિકો માટે રોજગારીની નવી તકો ઊભી કરવા માટે વહીવટી તંત્રને અત્યારથી જ સજ્જ થવા સૂચના આપી છે, તેમ પ્રવક્તા મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું.

### કુંડલિયા કોલેજના પ્રિન્સિપાલ દ્વારા વિદ્યાર્થિનીઓની ગંદી મજાક થતી હોવાની કમિશનર તુષાર સુમેરાને પત્ર લખતાં તાકીદે કામગીરી

# કોલેજ પાસે અભદ્ર મજાક કરતા ખાણીપીણીના ધંધાર્થીઓને હટાવાયા

રાજકોટ , તા. ૧૭

મહાનગરપાલિકા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં મંજુર કરાયેલા હોકર્સ ઝોનમાં શાસ્ત્રી મેદાન સામે કુંડલિયા કોલેજવાળી ખાઉ ગલીમાં રેકડી કેબીનો રાખીને ધંધો કરનારા ખાણીપીણીના ધંધાર્થીઓ સાથે કેટલાંક ગંજેરીઓ અને માથાભારે તત્વો પણ ઘુસી જઈને કોલેજની વિદ્યાર્થિનીઓની ગંદી અને અભદ્ર મજાક કરતાં હોય કોલેજના આચાર્યએ વ્યથા ઠાલવતો પત્ર મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાને લખીને મદદ માંગી હતી. આથી કમિશનર દ્વારા દબાણ હટાવ શાખાને તાકીદે ગેરકાયદે રેંકડીઓ ઉપાડી લેવા અને ત્રાસ દુર કરવા આદેશ કર્યો હતો.

આ આદેશના પગલે આજે દબાણ હટાવ શાખાએ કામગીરી કરતાં ગંજેરી તરીકે ઓળખાતા આ કુખ્યાત માથાભારે શખ્સો રેંકડીઓ સાથે નાસી ગયા હતા. અને, કલેક્ટર તંત્ર હસ્તકના શાસ્ત્રી મેદાનમાં અડ્ડો જમાવ્યો હતો. આ અંગેની વિગત મુજબ મહાનગરપાલિકા દ્વારા શાસ્ત્રી મેદાન સામ કુંડલિયા કોલેજ પાસે આવેલી ખાઉંગલીમાં હોકર્સઝોન શરૂ કરીને ખાણીપીણીના ધંધાર્થીઓને આ સ્થળે ધંધો કરીને રોજગાર કમાવવા માટે પરવાનગી આપી છે.



અવારનવાર વિવાદમાં રહેતી આ ખાઉંગલીમાં થોડા સમયથી ગંજેરી તરીકે ઓળખાતા માથાભારે શખ્સોએ ખાણીપીણીના ધંધાના નામે અડ્ડો જમાવીને કોલેજે આવતી વિદ્યાર્થિનીઓની સાથે ગંદી અને અભદ્ર મજાક કરતાં હતા. આ બાબત કોલેજના પ્રિન્સિપાલના ધ્યાને આવતાં તેઓએ કમિનશનર તુષાર સુમેરાને પત્ર લખીને ત્રાસ દુર કરવા માટે માગણી કરી હતી. આ બાબતે મ્યુનિ. કમિશનર દ્વારા તુરંત જ પગલા લઈને દબાણ હટાવ વિરોધી શાખાના અધિકારી બારીયાને હોકર્સઝોનમાં ગેરકાયદે ઉભા રહેતા આવા આવારા તત્વોને હટાવવાનો આદેશ આપતાં આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દબાણ હટાવ શાખાએ કામગીરી કરતાં હોકર્સ ઝોનમાં ગેરકાયદે અડ્ડો જમાવીને બેઠેલા તત્વો રેકડી સહિત નાસી ગયા હતા અને કલેક્ટર તંત્ર હસ્તકના શાસ્ત્રી મેદાનમાં અડ્ડો જમાવ્યો હતો. આ બાબતે કેટલાંક તત્વોએ એવું કહ્યું હતું કે, અમને આ જગ્યાએ ઉભા રહેવા માટે મેયરે મંજૂરી આપી છે. બીજી તરફ મેયરે આ બાબતે પોતે અજાણ હોવાનું કહ્યું હતું.

આ બનાવના પગલે હોકર્સઝોનમાં શાંતિથી વેપાર કરતા ધંધાર્થીઓએ પણ જ્યાં સુધી આ મુદ્દો હલ ન થાય અને આવારા તત્વોનો અડ્ડો દુર ન થાય ત્યાં સુધી સ્વેચ્છાએ પોતાનો ધંધો બંધ રાખવા માટે તૈયારી બતાવી હતી. અને પોતાનો ધંધો બંધ કરી દીધો હતો. કુંડલિયા કોલેજ પાસેના હોકર્સ ઝોનમાં ધંધો રોજગાર કરનાર ખાણીપીણીના ધંધાર્થીઓના કહેવા મુજબ એક શખ્સ પોતાની ઓળખ મિડિયા પર્સન તરીકે આપીને આ માથાભારે તત્વો પાસેથી રેંકડી દીઠ દૈનિક ૧૦૦ રૂપિયાનું ઉઘરાણું કરે છે. આ માટે તેણે એક ગંજેરીને જવાબદારી આપી છે. જો કોઈ ધંધાર્થી દૈનિક હસો ન આપે તો મહાનગરપાલિકામાં સાચી ખોટી ફરિયાદ કરવામાં આવે છે.

# NHAIની તાનાશાહી સામે વેરાવળવાસીઓમાં જબરો આક્રોશ

## કલેકટર કચેરી ખાતે ૫૦૦ લોકો ઊમટ્યાં પાઠવ્યું આવેદનપત્ર, સપ્તાહમાં નિરાકરણ નહીં આવે તો આંદોલનની આપી ચીમકી








રાજકોટ, તા. ૧૭

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાની તાનાશાહીના એક નહીં અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. જેમાં ઘણાખરા હાઈવેની કામગીરીને લઈ પ્રશ્નો ઊભા થયા ત્યારે કોટડાસાંગાણીના વેરાવળમાં જે બ્રિજ બની રહ્યો છે તેમાં નેશનલ હાઈવે ઓફ ઓથોરિટીની તાનાશાહી સામે વેરાવળવાસીઓમાં જબરો આક્રોશ જોવા મળ્યો છે અને આશરે ૫૦૦ લોકો ઢોલ-નગાર સાથે કલેક્ટર કચેરીએ પહોંચી વિરોધ નોંધાવ્યો હતો અને ઈન્ચાર્જ રેસિડન્ટ એડિશનલ કલેક્ટરને આવેદન પાઠવ્યું હતું. હાલ સાપર વેરાવળ નેશનલ હાઈવે ઉપર જે ઓવરબ્રિજ બનાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે તેનાથી સ્થાનિકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે જે બાબતની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે ગ્રામજનોએ કલેક્ટર ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને માંગણી કરતા જણાવ્યું હતું કે ઓવરબ્રિજ બનતા ગામનું જંકશન ૫૦૦ મીટર થી વધી ૨ સળ દૂર થઈ જશે જેથી શાળા કોલેજ જતા વિદ્યાર્થીઓ તથા ઉદ્યોગકારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. એટલું જ નહીં ઈમર્જન્સી પરિસ્થિતિમાં લોકો ની યોગ્ય વ્યવસ્થા જળવાશે નહીં ત્યારે જો આ અંગે એક સપ્તાહમાં કોઈ નિરાકરણ નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી હતી અને દિલ્હી ખાતે આવેલી નેશનલ હાઈવે ઓથોરિટીની ઓફિસ ખાતે ધારણા કરવાની વાત પણ કરી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટી કોઈ ડિઝાઈન બતાવવા માગતી નથી અને સ્થળ ઉપર આવવા તૈયાર નથી. ૨ લાખ લોકોને આ સમસ્યા અસર કરે છે. અહીં ૪૦૦૦ ફેક્ટરી અને ૫૦૦ ટ્રાન્સપોર્ટ આવેલા છે. અત્યારે અમારો જે બ્રિજ છે તેના ઉપર ઓવરલેપિંગ કરીને ઉપર લઈ જવામાં આવે તો અમારું જંકશન જે ૨૫૦ મીટર છે જે આશરે ૨ કિલોમીટર જઈ શકે તેમ છે. જેથી એક અઠવાડિયામાં નિરાકરણ આવે તેવી અમારી માંગણી છે.

બીજી તરફ નેશનલ હાઈવે ૨૭ ઉપર કેપ્ટન ગેટ વેરાવળ થી શીતળા માતાજીના મંદિર તરફનો જે ઓવરબ્રિજ બનવા માટે નેશનલ ઓથોરિટી દ્વારા હાલ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે આ વિસ્તારમાં નાના-મોટા અનેક મોટા કારખાનાઓ અને રહેણાંક મકાનો આવેલા છે. મેન જંકશન ઉપર જવાનો એપ્રોચ હાઈવેથી ૫૦૦ મીટર જેટલો દૂર આવેલો છે જે આ પુલ બને તો આ એપરોજ બે કિલોમીટર જેટલો થઈ જશે જે ખરા હાથમાં લોકોને હેરાન કરશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી ત્યારે ગ્રામજનો દ્વારા ગઈકાલે ઈન્ચાર્જ રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર મૂછાળને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત હાલમાં શાપર-વેરાવળ જંકશન પર પોલીસ સ્ટેશન આવેલું છે જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવાના કામે પોલીસને ગમે તે દિશામાં જવા માટે યોગ્ય એપ્રોચ છે, પરંતુ જો બ્રિજ બને તો પોલીસને હાઈવે પકડવા માટે જ ટ્રાફિકના લીધે આશરે ચાર ગણો વધારે સમય લાગી શકે તેમ હોવાથી ગુનાખોરીમાં વધારો થવાની શક્યતા રહેલી છે. આ સાથે જ સર્વિસ રોડ ઉપર સ્કૂલ, હાઈસ્કૂલ અને પોસ્ટ ઓફિસ જેવી જાહેર સુવિધાઓ આવેલ હોવાથી અને વિદ્યાર્થીઓને અવરજવર માટે હાલમાં જે સર્વિસ રોડ અને હાઈવેનો એપ્રોચ સવલત ભરેલો છે, પરંતુ જો ઓવરબ્રિજ બનાવવામાં આવે તો આ તમામ જગ્યાઓએ જવા માટે આશરે ૨ કિ.મી. જેટલું ફરવું પડે અને ભયંકર ટ્રાફિકની યાતના ભોગવવી પડે જેનાથી વિદ્યાર્થીઓ, કામદારો, અશક્ત વૃદ્ધો વગેરે તમામ લોકોની રોજીંદી જિંદગી ખરાબ રીતે પ્રભાવિત થાય તેમ છે.